**આજનો સુવિચાર**

સફળ લોકોના ચહેરા પર બે વસ્તુ હોય છે, મૌન અને સ્મિત

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ


દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૦૯ જૂનાગઢ તા.૨૦-૦૪-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 109, Junagadh : Date : 20 April, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## ચૂંટણી સમયે કલમ-૧૪૪ હેઠળ પ્રતિબંધાત્મક આદેશોની સુપ્રિમ કોર્ટ સમિક્ષા કરશે



નવી દિલ્હી તા. ૨૦

ગુજરાતમાં હાલ ચાલી રહેલા ક્ષત્રિય સમાજના રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામેના આંદોલનમાં ગઈકાલે જ અમદાવાદ પોલીસ કમિશ્નર જાહેરનામામાં ઉમેદવારની સભા-સરઘસ કે તેમના પ્રચાર સમયે કાળા વાવટા દર્શાવવા પર પ્રતિબંધ મુકયો તે મુદો હવે ગુજરાત હાઈકોર્ટમાં લઈ જવા ક્ષત્રિય સમાજે નિર્ણય લીધો છે તે વચ્ચે હવે ચુંટણી સમયે જે રીતે જીલ્લા કલેકટર દ્વારા કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધાત્મક આદેશો જે રીતે આડેધડ જાહેર થાય છે તે પણ સુપ્રીમકોર્ટની ચકાસણી હેઠળ છે.

હાલ મતદાર જાગૃતિ માટે સભા કે યાત્રા આયોજન અંગે મંજુરી માંગતી અરજીઓ પર ત્રણ જ દિવસમાં નિર્ણય લેવા જીલ્લા કલેકટર સહિતની ઓથોરીટીને આદેશ આપવામાં આપ્યો છે. ગઈકાલે એક ખાસ સુનાવણીમાં સુપ્રીમકોર્ટે જણાવ્યું કે ચુંટણીમાં મતદાન સહિતના મુદે લોકોમાં જાગૃતતા આવે તે માટે યાત્રા કે જનસભા કે તેવા આયોજન થતા હોય તો તેના માટે મંજુરી માંગતી અરજીઓ પર ત્રણ જ દિવસમાં નિર્ણય લેવાનો રહેશે. આ બાદ સુપ્રીમકોર્ટ કલમ ૧૪૪ હેઠળ જે પ્રતિબંધાત્મક આદેશો ચુંટણી સમયે જાહેર કરવામાં આવે છે તેને પડકારતી રીટ અરજી પર પણ સુનાવણી કરવા તૈયારી દર્શાવી છે. સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ બી.આર.ગવઈની ખંડપીઠ સમક્ષ દલીલ કરવામાં આવી કે ચુંટણી છે એટલે તેના આધારે જ કલમ ૧૪૪નો અમલ જાહેર કરી દેવામાં આવે છે. પણ તેનાથી લોકોના ચુંટણી મુદાઓ સમજવાના કે મતદાન માટેની જાગૃતતા લાવવા માટેના જે આયોજનો થાય છે તે પણ યોજી શકાતા નથી. સર્વોચ્ચ અદાલતે તે મતદાર જાગૃતી માટે સભા-યાત્રા કે તેવા કાર્યક્રમો માટે મંજુરી માંગતી અરજીઓ પર ત્રણ જ દિવસમાં નિર્ણય લેવા જણાવ્યું છે. સામાજીક કાર્યકર્તા નિખીલ ડે અને અરણા રાયની અરજી પરથી આ આદેશ આપ્યો હતો તો હવે ચુંટણી સમયે કલમ ૧૪૪ હેઠળના પ્રતિબંધાત્મક આદેશમાં સુપ્રીમ કોર્ટે તેની યોગ્યતા અંગે વિચારણા કરવાની તૈયારી કરી છે જે અંગે હવે સુનાવણી થશે.

## વર્ષ ૨૦૨૬ સુધીમાં ભારતમાં એર ટેકસી શરૂ થઈ જશે

નવી દિલ્હી તા. ૨૦

ભારતમાં ૨૦૨૬ સુધીમાં પહેલી ઈલેકટ્રીક એર ટેકસી સેવા શરૂ થઈ શકે છે. ભારતીય એરલાઈન્સ ઈન્ડીગોની કંપની ઈન્ટરગ્લોબ એન્ટરપ્રાઈઝ અને અમેરિકાની આર્ચર એવિએશને દેશભરમાં એર ટેકસી સર્વિસ શરૂ કરવાની તૈયારીઓ શરૂ કરી છે.

દિલ્હીથી કારમાં મુસાફરી કરીને ગુરૂગ્રામ પહોંચતા સામાન્ય રીતે ૯૦ મીનીટનો સમય લાગે છે જયારે આ એર ટેકસી ફકત ૭ મિનિટમાં જ પહોંચાડવાનો દાવો કરી રહી છે. દિલ્હીના કનોટ પ્લેસથી હરિયાણાના ગુરૂગ્રામ પહોંચાડવા માટે કંપની રૂપિયા ૨,૦૦૦ થી ૩,૦૦૦ નું ભાડું વસુલી શકે છે.

## ભારત આર્થિક ઉપરાંત વિજ્ઞાન મહાસત્તા પણ બની શકે છે : વિદેશી મીડિયા

નવી દિલ્હી, તા.૨૦: ભારત આર્થિક શક્તિ હોવા ઉપરાંત વિજ્ઞાન મહાસત્તા પણ બની શકે છે. 'નેચર'એ પોતાના તંત્રીલેખમાં કહ્યું છે કે જીડીપીના માત્ર ૦.૬૪ ટકા ખર્ચ કરીને ભારત અંતરિક્ષમા દિગ્ગજોની બરાબરી કરી રહ્યુ છે તેથી વધુ રોકાણથી તે મહાસત્તા તરીકે ઉભરી શકે છે. સંપાદકીયમાં સંશોધકોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે દેશમાં મૂળભૂત સંશોધનની અગાઉની સરકારો દ્વારા ઉપેક્ષા કરવામાં આવી હતી.

સંપાદકીયમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં સામાન્ય ચૂંટણીઓ ચાલી રહી છે, એનડીએ ત્રીજી વખત સત્તામાં આવે તેવી પૂરી સંભાવના છે. તે દાયકાના અંત સુધીમાં ભારતને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવામાં સફળ થશે. જે મુજબ વિજ્ઞાનના ક્ષેત્રમાં મહાસત્તા બનવા માટે સંશોધન પ્રણાલીને વધુ સ્વાયત્તતાની જરૂર છે. ભારત સરકાર વ્યવસાયોને વધુ યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કરીને વિજ્ઞાન ખર્ચમાં વધારો કરી શકે છે, જેમ કે વિશ્વના ટોચના દેશોએ કર્યું છે.

અધિકૃત ડેટા અનુસાર, ૨૦૨૧-૨૨માં ભારતમાં વિશ્વનો ત્રીજો સૌથી મોટો ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ હતો અને તે પોસાય તેવી દવાઓ અને જેનેરિક દવાઓનો અગ્રણી સપ્લાયર હતો. તેણે સમગ્ર વિશ્વમાં કોવિડ રોગચાળા સામે લડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ગયા વર્ષે, ભારત ચંદ્ર પર સોફ્ટ લેન્ડીંગ કરનાર ચોથો અને દક્ષિણ ધ્રુવ પર ઉતરનાર પ્રથમ દેશ બન્યો હતો. તેની પાસે વિશ્વનો સૌથી મોટો રિમોટ સેન્સીંગ ઉપગ્રહ પણ છે. જો આંકડાઓ પર વિશ્વાસ કરીએ તો, અમેરિકા અને ચીન પછી ભારત સંશોધન અને ઉત્પાદનની દ્રષ્ટિએ વિશ્વના સૌથી સમૃદ્ધ દેશોમાંનો એક છે. ૨૦૧૪ થી ૨૦૨૧ સુધીમાં, યુનિવર્સિટીઓની સંખ્યા ૭૬૦ થી વધીને ૧૧૧૩ થઈ છે.

## ક્ષત્રીય આંદોલન પાર્ટ-૨ : ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર ભાજપને હરાવવા ક્ષત્રીય સમાજનું આહ્‌વાન

અમદાવાદ તા. ૨૦

રાજકોટ બેઠક પર ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાની ટિકિટ રદ નહી કરાતા રાજપૂત સમાજ હવે આરપારની લડાઈ લડવાના મૂડમાં છે. ગઈકાલે ગોતા ખાતે મળેલી ક્ષત્રિય કોર કમિટીની બેઠકમાં કેટલીક મોટી જાહેરાતો કરવામાં આવી હતી જેમા આજથી ક્ષત્રિય સમાજ રાજ્યભરમાં વિરોધ પ્રદર્શન કરશે. આજથી જ ક્ષત્રિય સમાજની બહેનો એક સપ્તાહ સુધી પ્રતિક ઉપવાસ કરશે. દરરોજ એક જિલ્લામાં પ્રતિક ઉપવાસ કરવામાં આવશે. રાજ્યના પાંચ ઝોનમાં પાંચ ધર્મરથ કાઢવામાં આવશે.

દરેક જિલ્લામાં ક્ષત્રિય સમાજના પ્રવકતાની નિયુક્તિ કરવામાં આવશે. રાજકોટમાં કાલે ક્ષત્રિય સમાજના આગેવાનો પહોંચશે. વિરોધ માટે પણ યુવાનોની કમિટી બનાવવામાં આવશે. ક્ષત્રિય સમાજનં નવુ સૂત્ર મત એ જ શસ્ત્ર રહેશે. ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપને હરાવવા ક્ષત્રિય સમાજે બાંયો ચડાવી છે, જેમા રાજકોટ બેઠકથી રૂપાલાને હરાવીને જ રહીશુ તેવી ચીમકી ઉચ્ચારી છે. ક્ષત્રિય સમાજે જણાવ્યુ છે કે ક્ષત્રિયોની જરૂર ન હોય તો ક્ષત્રિયોને પણ ભાજપની જરૂર નથી. રાજ્યના ગૃહવિભાગ દ્વારા કાળા વાવટા નહી ફરકાવવા મુદ્દે ચૂંટણીલક્ષી જાહેરનામુ પ્રસિદ્ધ કરાયુ છે. જેમા કાળા વાવટા નહી ફરકાવવાનો વિશેષ ઉલ્લેખ કરાયો છે. તો કાળા ની બદલે હવે કેસરી વાવટા ફરકાવી વિરોધ કરશે. પરંતુ કોઈ પણ પ્રકારની ધરપકડ ન થાય તે માટે ક્ષત્રિય સમાજ હાઈકોર્ટમાં રિટ દાખલ કરશે. આ પ્રકારના જાહેરનામા સત્તાવાર રીતે બહાર પાડીને ક્ષત્રિય આંદોલનને અટકાવવા માટે પોલીસને કામગીરી સોંપવામાં આવી છે તેની સામે પણ ક્ષત્રિય સમાજ PIL કરશે.

## પંજાબની સંગરૂર જેલમાં કેદીઓ વચ્ચે અથડામણ : બે કેદીનાં મોત : બે ગંભીર

ચંદીગઢ તા. ૨૦

પંજાબની સંગરુર જેલમાં કેદીઓના બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. બંને વચ્ચે જોરદાર લડાઈ થઈ હતી.બંને તરફથી એકબીજા પર ઘાતક હુમલો થયો હતો. આ લોહિયાળ અથડામણમાં બે કેદીઓના મોત થયા છે. જયારે બે કેદીઓ ગંભીર રીતે ઘાયલ થયા છે.

પંજાબની સંગરુર જેલમાં ગત સાંજે ભારે હંગામો થયો હતો. જેલમાં કેદીઓ વચ્ચે થયેલી લોહિયાળ અથડામણમાં બે કેદીઓના મોત થયા છે, જ્યારે બેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલમાં જેલની અંદર સ્થિતિ તંગ છે. તેને જોતા જેલની અંદર મોટી સંખ્યામાં પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા છે. જેલમાં જેલ અધિકારીઓની સાથે પોલીસ અધિકારીઓ પણ હાજર છે. કેદીઓ વચ્ચે આ અથડામણ કેવી રીતે થઈ તે અંગે પોલીસ અધિકારીઓ તપાસ કરી રહી છે.

## એલન મસ્કની ભારત મુલાકાત અચાનક રદ

નવી દિલ્હી તા. ૨૦

ભારતમાં ટેસ્લાની ઈ-કાર સહિતના મહત્વાકાંક્ષી સાહસો અને જંગી મૂડીરોકાણ માટે તા.૨૨ એપ્રિલના રોજ ટેસ્લાના વડા એલન મસ્કે તેમની ભારત મુલાકાત હાલ મુલત્વી રાખી છે. એલન મસ્ક દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળનાર હતા અને માનવામાં આવતું હતું કે ટેસ્લાના કાર ઉત્પાદન પ્રોજેકટ માટે તેઓ ભારતમાં ૨-૩ બિલિયન ડોલરના રોકાણની જાહેરાત કરનાર હતા. આ માટે ગુજરાત સહિતના રાજયોમાં આ પ્લાંટ માટે ટેસ્લાને આવકારવા અનેક ઓફર્સ પણ તૈયાર રાખી હતી તથા તેમના મહત્વાકાંક્ષી સ્ટારલીંક પ્રોજેકટ માટે પણ ભારતમાં પ્રવેશ માટે આતુર હતા પણ આખરી ઘડીએ આ મુલાકાત રદ થવા પાછળ તા.૨૩ એપ્રિલના ટેસ્લાના રોકાણકારો સાથે મસ્કની મીટીંગ કારણ ગણાય છે. જો કે કારણોની કોઈ સતાવાર જાહેરાત થઈ નથી. ગત તા.૧૦ એપ્રિલના રોજ મસ્કે ખુદે તેમના જ પ્લેટફોર્મ એકસ પર પોષ્ટ મુકીને તેઓ તા.૨૨ના ભારત આવી રહ્યા હોવાની જાણ કરી હતી અને તેમાં ટેસ્લાના ભારતના સંભવિત પ્લાંટ અંગે પણ તેઓ જાહેરાત કરશે તેવું ચર્ચામાં હતું.

## ભાજપ સરકાર અનામત નહી હટાવે - બંધારણમાંથી સેકયુલર શબ્દ દુર નહી કરે : અમિત શાહ



નવી દિલ્હી તા. ૨૦

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે લોકસભા ચૂંટણીના પહેલા દિવસે જ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે તેમની પાર્ટી અને ભાજપ સરકાર ન તો અનામત હટાવશે અને ન તો બંધારણમાંથી સેક્યુલર શબ્દને હટાવશે.

ગુજરાતની ગાંધીનગર બેઠક માટે ઉમેદવારી નોંધાવ્યા બાદ એક ઈન્ટરવ્યુમાં અમિત શાહે કહ્યું કે કોંગ્રેસ આવા આક્ષેપો કરીને દેશવાસીઓને ગેરમાર્ગે દોરી રહી છે.

તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જો ભાજપે બંધારણ બદલવું હોય તો તેની પાસે છેલ્લા ૧૦ વર્ષથી બહુમતી હતી, તે છેલ્લા ૧૦ વર્ષમાં ગમે ત્યારે આવું કરી શકી હોત, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે બહુમતીનો ઉપયોગ કરીને કલમ ૩૭૦ હટાવી દીધી, નાગરિકતા સંશોધન કાયદાએ કાયદો લાવવા અને ટ્રિપલ તલાકનો અંત લાવવાનું કામ કર્યું છે.

બંધારણમાંથી સેક્યુલર શબ્દ હટાવવાના આરોપ પર તેમણે કહ્યું કે, "અમારે સેક્યુલર શબ્દ હટાવવાની કોઈ જરૂર નથી. ભાજપનો સૌથી મોટો આગ્રહ આ દેશને સેક્યુલર બનાવવાનો છે, તેથી જ અમે યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાવી રહ્યા છીએ. " કોંગ્રેસ પર આરોપ લગાવતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, "તેઓ (કોંગ્રેસ) શરિયાના નામે દેશ ચલાવવા માંગે છે, તેથી તેણે અમારે નહીં પણ તેમણે સેક્યુલર બનવાની જરૂર છે."

અમીત શાહે કહ્યું કે અમે કહીએ છીએ કે આ દેશનું બંધારણ ધર્મ આધારિત હોવું જોઈએ. શાહે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર પણ પોતાનો ગુસ્સો ઠાલવ્યો અને કહ્યું કે જે રીતે તેઓ કહે છે કે ભાજપ અનામત હટાવી દેશે, હું સ્પષ્ટ કરવા માંગુ છું કે ભાજપ ન તો અનામત હટાવશે અને ન તો હટાવવા દેશે. તેમણે કહ્યું કે કોંગ્રેસે બહુમતીનો ઉપયોગ કરીને ઘણા ખોટા નિર્ણયો લીધા છે અને જો ભવિષ્યમાં પણ તે આવું કરવાનું વિચારશે તો ભાજપ તેને તેમ કરવા દેશે નહીં.

## કોંગ્રેસનાં ચાર ઉમેદવારોએ ચૂંટણી લડવા માટે જનતા પાસેથી ફંડ એકત્રીત કર્યુ : ગેનીબેનને લોકોએ રૂા. ૨૬ લાખ આપ્યા

અમદાવાદ તા. ૨૦

જે લોકોને એવું લાગતું હોય કે રાજકારણ રૂપિયાવાળાનો જ ખેલ છે અને પાસે કરોડો રૂપિયા હોય તો જ ચૂંટણી લડી શકાય તો આ ધારણા ગુજરાત કોંગ્રેસના ૪ નેતાઓએ ખોટી પાડી છે. આમ તો ભાજપ માટે કહેવાય છે કે આ પક્ષે ગુજરાતને રાજકારણની પ્રયોગશાળા બનાવી છે પણ આ વખતની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના સિમ્બોલ પર ચૂંટણી લડી રહેલા ગેનીબેન ઠાકોર, રામજી ઠાકોર, ઋત્વિક મકવાણા અને લલિત વસોયાએ નવો પ્રયોગ હાથ ધર્યો છે. આ નેતાઓ પ્રચાર કરવા જાય ત્યારે વાયદાઓ અને વિરોધી પક્ષ પર આક્ષેપ પણ કરે છે. આ સાથે જ તેઓ સભા, રોડ શો કે રેલીમાં આવેલા લોકો પાસેથી રૂપિયા પણ એકઠા કરે છે. ગેનીબેને ત્યાં સુધી દાવો કર્યો કે લોકોએ જ મારો ચૂંટણી ખર્ચ ઉપાડી લીધો છે અને અત્યાર સુધીમાં ૨૬ લાખ રૂપિયા મને મળ્યા છે.

ગેનીબેન ઠાકોર અને રામજી ઠાકોરે લોકોને ઓછામાં ઓછી ૧૧ રૂપિયાની મદદ કરવાની અપીલ કરી હતી. આ ઉમેદવારો રોકડ ઉપરાંત ઓનલાઈન પેમેન્ટ પણ સ્વીકારે છે. તેના માટે ગેનીબેન અને રામજી ઠાકોરે UPI તેમજ ક્યુઆર કોડ જાહેર કર્યા છે અને તેના પ્રચાર પ્રસાર માટે સોશિયલ મીડિયાનો પણ ખૂબ ઉપયોગ કર્યો છે.

ગેનીબેનના પ્રચારની વિશેષતા એ છે કે સામાન્ય રીતે તેમની સભામાં કોઈ મોટું સ્ટેજ નથી હોતું. મોટાભાગના કિસ્સામાં તેઓ હાથમાં માઈક લઈને લોકોની વચ્ચે ઊભા રહીને ભાષણ આપતા હોય છે. આવા સમયે ભાષણ પહેલા કે ભાષણ પછી તેમના સમર્થકો પાસે આવીને તેમને રોકડ આપી જાય છે. આ ઘટનાના વીડિયો ગેનીબેનને એક જન નેતા તરીકે પ્રસ્થાપિત કરવાના પ્રયત્નો સાથે પણ વાઈરલ કરવામાં આવે છે.

### મારૂ ઉમેદવારી ફોર્મ રદ થાય તેવા પ્રયાસો કરાયા - ભાજપ અને ચૂંટણી અધિકારી પર ગેનીબેનનો ગંભીર આક્ષેપ


બનાસકાંઠા તા. ૨૦ :બનાસકાંઠા બેઠક પર કોંગ્રેસનાં ઉમેદવાર ગેનીબેન ઠાકોરે એવો ગંભીર આક્ષેપ કર્યો છે કે તેમનું ઉમેદવારી ફોર્મ રદ થાય તેવા પ્રયાસો ચૂંટણી અધિકારી અને ભાજપે કર્યા છે. ગેનીબેને એવું જણાવ્યું હતું કે, ત્રણ-ત્રણ વકીલોને રોકીને મારા ઉમેદવારી ફોર્મમાં બિનજરૂરી ક્ષતિઓ ગોતવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો તેના માટે ચૂંટણી અધિકારી અને ભાજપની મીલીભગત હતી. આજે ઉમેદવારી ફોર્મની ચકાસણીની કાર્યવાહી થઈ રહી છે તેના પર સંબંધિત તમામની મીટ મંડાયેલી છે.

## મંગળવારથી તાપમાનનો પારો ફરી ઉંચકાશે

રાજકોટ, તા. ૨૦

રાજકોટ સહિત રાજયભરમાં ગઈકાલે પણ કાળઝાળ ગરમીમાં રાહત મળી હતી અને મોટાભાગના સ્થળોએ ૩૮ થી ૪૦ ડિગ્રી વચ્ચે મહતમ તાપમાન રહયું હતું. દરમ્યાન હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ હજુ આગામી સોમવાર સુધી ગરમીમાં રાહત રહેશે અને તાપમાન ૩૮ થી ૪૦ ડિગ્રી વચ્ચે રહેશે. હાલમાં ઉત્તર પૂર્વનાં ભેજવાળા પવનો ફુંકાઈ રહ્યા હોય ગરમીમાં રાહત છે. જોકે મંગળવારથી ફરી તાપમાનનો પારો ઉંચકાશે અને સૌરાષ્ટ્ર-કચ્છ તથા રાજયભરમાં અનેક સ્થળોએ તાપમાનમાં ૧ થી ૩ ડિગ્રીનો વધારો થશે અને ઠેર ઠેર તાપમાન ૪૨ થી ૪૩ ડિગ્રી આસપાસ નોંધાશે.

## હરીયાણામાં પોલીસ વાનમાં મહિલા કેદીને નશાયુકત પીણું પીવડાવી અન્ય બે કેદીઓએ દુષ્કર્મ આચર્યુ



ચંડીગઢ તા. ૨૦

હરિયાણામાં એક મહિલા કેદી પર બે કેદીઓએ પોલીસ વાહનમાં જ બળાત્કાર ગુજારવાની ચોંકાવનારી ઘટના બની છે. જ્યારે પોલીસ કર્મચારીઓ વાહનમાં ડોક્યુમેન્ટ સંબંધિત કામમાં વ્યસ્ત હતા ત્યાર આ ઘટના બની હતી. બંને આરોપીઓની વિરુદ્ધ કલમ ૩૭૬ હેઠળ ઝીરો એફઆઈઆર નોંધાવી છે. આ મામલાની વધુ તપાસ રોહતક પોલીસ કરી રહી છે.

રિપોર્ટ અનુસાર, પીડિતાએ જણાવ્યું કે રોહતક પોસ્ટ ગ્રેજ્યુએટ દરેક ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસમાં(પીજીઆઈએમએસ)માં તેની સારવાર ચાલી રહી છે, જેના કારણે પુષ્ટિ પોલીસકર્મીઓ મને ત્યાં લઈ જઈ રહ્યા હતા. ત્યારે પોલિસ વાહનમાં સાથે બે અન્ય કેદી પણ ઉપસ્થિત હતા. સારવાર બાદ પોલીસ ડોક્યુમેન્ટ સંબંધિત કામમાં વ્યસ્ત હતી.

આ આરોપીઓ જિંદ જિલ્લાના હતા અને જીંદ સિવિલ લાઈન પોલિસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં પીડિતાએ કહ્યું કે, આરોપીઓ મને નશાયુક્ત પદાર્થવાળું ઠંડા પીણું પીવડાવી બંને કેદીઓએ વાહનમાં બળાત્કાર કર્યો હતો. જ્યારે કેદીઓ મારા પર બળાત્કાર કરી રહ્યા હતા ત્યારે વેનમાં બેસેલા સુરક્ષા કર્મીઓ કાગળની પ્રક્રિયામાં વ્યસ્ત હતા. હાલ, પોલીસ પીડિતા તરફથી લગાવેલા આરોપોની એંગલથી તપાસ કરી રહી છે. મીડિયા અહેવાલ મુજબ એફઆઈઆરમાં ગુનાની તારીખની જાણકારી મળી નથી.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

હાર્દિક શુભેચ્છા...
એક્ટિવ ઓર્થોપેડીક હોસ્પિટલ
ડૉ. નિકુંજ કુંમર — જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન — +૯૧ ૯૦૯૯૮૮૮૬૧૦
ડૉ. મૌલિક ભાલોડીયા — જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન — +૯૧ ૯૦૯૯૯૮૬૧૦
માતૃત્વ વુમન્સ હૉસ્પિટલ
DEDICATED TO WOMEN'S HEALTH
ડૉ. ઋજુલબેન ગજેરા કુંમર
M.B.B.S., M.B.D.G.O. ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાત)
સ્ત્રી રોગ, પ્રસુતિ તથા વંધ્યત્વ નિષ્ણાંત
+ ૯૧ ૭૦૧૬૪૨૨૯૮૦
આસ્થા કોમ્પલેક્ષ, કાકા કોમ્પલેક્ષની બાજુમાં, ઝાંસીની રાણીના પુતળાની સામે, સરદાર બાગ, જૂનાગઢ

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



# વેરાવળ અભયમ ટીમે સગીરાને આપઘાત કરવાના વિચારમાંથી મુક્ત કરી એક નવી દિશા આપી

(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨૦

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડામાં આવેલ એક ગામમાંથી ૧૮૧ મહિલા હેલ્પલાઈન માં ફોન આવેલ. અને જણાવેલ કે હું એક સગીર દીકરી નો પિતા વાત કરું છું. મારી દીકરી સગીર છે. અને તેનો અભ્યાસ ચાલુ છે. ધોરણ ૧૧ માં. અભ્યાસ કરે છે. તેને એક યુવક સાથે પ્રેમ સંબંધ હોય. તેની જાણ એક પિતા તરીકે મને થતાં મારી દીકરીને સમજાવવની કોશિશ કરી અને આગળ ભણવા માટે કહેલું. પરંતુ દીકરી ના માની. અને કહે લગ્ન તો તેના પ્રેમી સાથે જ કરવા છે. અને મરી જવાની ધમકી આપે તેમજ મરી જ જવું છે તેવા વિચાર કરે છે. પીડિતાના પિતાએ તેમની દિકરીને સમજાવવા ૧૮૧ ની મદદ લીધી. જેથી ફરજ પર હાજર રહેલ કાઉન્સેલર મનિષા ધોળીયા,કોન્સ્ટેબલ કૃપલબેન ઝણકાત. અને પાઈલોટ બચુભાઈ. સ્થળ પર તાત્કાલિક પહોંચી ગયા. તે દિકરીને મળ્યા તેનું કાઉન્સિલિંગ કરેલ તો જણાવેલ કે હું ૧૭ વર્ષ ની છું. મને મારા ગામના એક યુવક સાથે પ્રેમ થઈ ગયો છે. અમે ઘણા સમય થી પ્રેમસંબંધ હતા. મારે તેની સાથે લગ્ન કરવા હતા. મારા પિતાને મારા પ્રેમસંબંધની ખબર પડતાં તે યુવક મને સ્વીકારવાની ના પાડી દીધી. મારે હવે જીવવું નથી. મને હવે જીવવાની કોઈ ઈચ્છા નથી. મારી લાગણીનો વિશ્વાસઘાત થયો છે. મને મરવાના જ વિચાર આવે છે. આગળ પણ મરવાની કોશિશ કરી હતી પણ મોત ના આવી. ત્યારપછી પહેલા તો તેમને મનુષ્ય ના જીવનનું મહત્વ સમજાવેલ. તેમજ આત્મહત્યા કરવી એ પાપ છે. અને કાયદાકીય રીતે જોઈએ તો ગુનો છે. અને જિંદગીમાં હજી ઘણું બધું કરવાનું છે. અધવચ્ચે છોડેલો અભ્યાસ પૂરો કરી પગભર બનવાનું છે. તેના માં આત્મવિશ્વાસ પૂરો પાડ્યો. અને મરવાના વિચાર કરતી દીકરી કઈક બનવાની ઈચ્છા રાખવા તૈયાર થઈ. અભયમ ટીમનું કાઉન્સિલિંગ સફળ થયું. અને પેમીના પ્રેમ ને ભૂલી આત્મહત્યાના કરવા ના વિચાર માંથી મુક્ત કરી જીવન જીવવા માટે નવી દિશા આપી છે.




# ૬૯મો રેલ સપ્તાહ પુરસ્કાર સમારોહ : જનરલ મેનેજર દ્વારા રાજકોટ ડિવિઝનને બેસ્ટ લોડીંગ એફર્ટ શિલ્ડ એનાયત

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૦

પશ્ચિમ રેલવે દ્વારા આયોજિત ૬૯મા રેલ સપ્તાહ પુરસ્કાર સમારોહમાં રાજકોટ રેલવે ડિવિઝન ને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે શ્રેષ્ઠ લોડિંગ પ્રયત્નો માટે જનરલ મેનેજર કાર્યક્ષમતા શિલ્ડ એનાયત કરવામાં આવી છે. તાજેતરમાં, મુંબઈના નરીમાન પોઈન્ટ સ્થિત યશવંતરાવ ચવ્હાણ ઓડિટોરિયમ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી અશોક કુમાર મિશ્ર દ્વારા આ પ્રતિષ્ઠિત શિલ્ડ રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વની કુમાર અને સિનિયર ડિવિઝનલ ઑપરેશન મેનેજર કૅપ્ટન આર.સી. મીણા ને અર્પણ કરવામાં આવી હતી. આ શિલ્ડ રાજકોટ અને અમદાવાદ ડિવિઝન ને સંયુક્ત રીતે એનાયત કરવામાં આવી છે. રાજકોટ ડિવિઝને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ડિવિઝનમાંથી ગુડ્સ ટ્રેન દ્વારા ૧૦.૬૪ મિલિયન ટન માલનું લોડિંગ કરીને છેલ્લા પાંચ વર્ષનો લોડિંગ રેકોર્ડ તોડ્યો છે.

ડિવિઝને આ નાણાકીય વર્ષમાં સૌથી વધુ ૪.૯ મિલિયન ટન પેટ્રોલિયમ ઉત્પાદનો જેમ કે ડીઝલ, પેટ્રોલ, એલપીજી વગેરેના લોડિંગનો નવો રેકોર્ડ બનાવ્યો છે. આ ઉપરાંત રાજકોટ ડિવિઝને ટ્રેનોના સંચાલનમાં ૯૭.૦૧% સમયપાલનતા હાંસલ કરી છે જે સમગ્ર ભારતીય રેલવેમાં બીજા ક્રમે છે. ડીઆરએમ શ્રી અશ્વનીકુમારે રાજકોટ ડિવિઝનને મળેલી આ પ્રતિષ્ઠિત શિલ્ડને અધિકારીઓ અને કર્મચારીઓની મહેનત અને સમર્પણનું પરિણામ ગણાવી સૌને અભિનંદન પાઠવ્યા હતા.




# ભાણવડના બરડા ડુંગર વિસ્તારમાંથી ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ : બુટલેગર ફરાર





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૦

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકામાં સ્થાનિક પી.એસ.આઈ. એમ.આર. સવસેટા તથા સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા કોમ્બીંગમાં પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ઘુમલી ગામની સીમમાં રહેતા ભરત ચના રબારી નામના શખ્સ દ્વારા બરડા ડુંગરમાં આવેલા ખડા નેસ વિસ્તારમાં પાણીના ઝર નજીક દેશી દારૂની ભઠ્ઠી ચલાવવામાં આવતી હોવાથી આ સ્થળે પોલીસ સ્ટાફ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો.

આ દરોડા દરમ્યાન પથ્થરોથી બનાવેલી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી મળી આવતા આ સ્થળેથી ૩૭૦૦ લીટર દારૂ બનાવવાનો આથો, ૪૩૦ લીટર દેશી દારૂ તેમજ વિવિધ સાધનો મળી, કુલ રૂપિયા ૧૭,૫૦૦ નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો. જો કે આ દરોડા દરમિયાન આરોપી ભરત ચના રબારી પોલીસને હાથને લગતા આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસે પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધી, ધોરણસર તપાસ હાથ ધરી છે.

## પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂ સ્વસ્થ બને તેવી પ્રાર્થના કરતા ડો. જગદિશ દવે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ શહેર-જીલ્લાની આશરે ૬૦ વર્ષથી વધુ સમયથી તમામ પ્રકારની સેવાઓ માટે યોગદાન આપનાર માજી મેયર-માજી ધારાસભ્ય મહેન્દ્રભાઈ મશરૂની બાયપાસ સર્જરી સફળ રીતે અમદાવાદ ખાતે થયેલ છે. તેઓ સ્વસ્થ બની ફરી જૂનાગઢ આવી પોતાનું અમુલ્ય સેવાકીય યોગદાન ચાલુ કરી દે તેવી શુભ લાગણી સાથે જૂનાગઢ રેડક્રોસના સેક્રેટરી ડો. જગદિશ દવેએ સમસ્ત પ્રજાજનોને પોતાના ઈષ્ટદેવ પાસે દીવડો પ્રગટાવી હૃદયપુર્વક પ્રાર્થના કરે તેવી ખાસ વિનંતી કરી છે. પ્રાર્થનાથી ઋણ ચુકવણીની વેળા આવી છે ત્યારે સૌ પ્રજાજનો પ્રાર્થના કરે તેવી ડો. દવેએ લાગણી વ્યકત કરી છે.

### ખંભાળીયા : રેલવે સ્ટેશનથી મળી આવેલ બાળકોને સંસ્થાને સુપ્રત કરાયા

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા રેલવે સ્ટેશનથી ગઈકાલે શુક્રવારે સવારના સમયે બે નાના બાળકો મળી આવ્યા હતા. આશરે ૬ વર્ષ તથા ૧૦ વર્ષની ઉંમરના જણાતા આ બંને બાળકોના કોઈ વાલી વારસ ન હોવાથી આર.પી.એફ.ના જવાનો દ્વારા ખંભાળિયામાં આવેલી ચાઈલ્ડ વેલફેર કમિટી સમક્ષ લાવવામાં આવ્યા હતા.

## રાષ્ટ્રીય પતિ દિવસ : ડો.જી.આર.ગોહિલ





૨૦ એપ્રિલ રાષ્ટ્રીય પતિ દિવસ અથવા વિશ્વ પતિ દિવસ તરીકે પણ ઓળખાય છે, તમામ પત્નીઓનું ધ્યાન રાખો: ૨૦ એપ્રિલ એ "પતિની પ્રશંસા દિવસ!" મારા પતિ પહેલેથી જ જાણે છે કે હું તેમની કેટલી પ્રશંસા કરું છું. શા માટે, આજે સવારે જ, મેં તેને કહ્યું, "હું તમારી ખૂબ પ્રશંસા કરું છું, મારા હેન્ડસમ સ્ટડ મફિન, હું તમને હંમેશ માટે અને હંમેશ માટે પ્રેમ કરવાની યોજના કરું છું, પછી ભલે હું ગમે તેટલી જાડી હોઉં."

પતિ પ્રશંસા દિવસને ફાધર્સ ડેની પ્રતિકૃતિ તરીકે ગણવો જોઈએ નહીં કારણ કે બધા પતિ પિતા નથી. તેથી, તે માત્ર વાજબી અને ન્યાયી છે કે બાળકો વિનાના પતિઓએ ઉજવણી અને પ્રશંસા માટે સમર્પિત દિવસ હોવો જોઈએ. અમારા માટે એવી સ્ત્રીઓ કે જેઓ કદર કરવા માટે પતિ મેળવવા માટે પૂરતી નસીબદાર છે, અમને કેવું લાગે છે તે કહેવા માટે અમને હોલમાર્કની જરૂર નથી.

સંશોધન દર્શાવે છે, જો કે, સ્ત્રીઓ તેમના પતિ વિશે સૌથી વધુ શું પ્રશંસા કરે છે. તેઓએ તેમની ખામીઓ અને અપૂર્ણતાઓને છુપાવવાની જરૂર નથી અને તેઓ થોડાક મોટા અવાજે, અણઘડ ઓડકાર વડે પણ વારંવાર, (અને કદાચ એક અજંપો પણ) થોડી કે કોઈ અકળામણ વિના દૂર થઈ શકે છે. એ સાચો પ્રેમ છે.

## અવસાન નોંધ – બેસણું



બાજ ખેડાવાળ બ્રાહ્મણ મુકુન્દરાય હરજીવન મહેતા (ઉં.વર્ષ ૮૫) મૂળ વતન - મોટા આંકડિયા, તેઓ તા. ૧૮ એપ્રિલ ૨૦૨૪ના રાત્રે ૧૨ : ૨૫ કલાકે કૈલાસવાસી થયા છે. તેઓ ગીતાબેનના પતિ, મુક્તાબેન મહેતા (અમરેલી, હાલ રાજકોટ)ના મોટાભાઈ, ચારુબેન મહાશંકર પાઠક (ભાવનગર), વાસુદેવ (લોકભારતી સણોસરા), જયરામ (એડિટર - દિવ્ય ભાસ્કર) અને નેહા પ્રશાંત દવે (રાજકોટ)ના પિતાજી, ધર્મિષ્ઠાબેન અને પૂર્વીબેનના સસરા તથા ડૉ. પૂજિતાબેન, મહેક, તિરુપ, કલ્પેશ, જગત અને જિયાના દાદા થાય. તેમનું બેસણું તા.૨૦ એપ્રિલ શનિવારના રોજ સાંજે ૫થી ૬ : ૩૦ દરમિયાન રૈયા રોડ પર બાપા સીતારામ ચોક પાસે, એચ.પી.ના પેટ્રોલ પંપની સામે, શ્રીજી પાર્ક મેઈન રોડ પર ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે રાખેલ છે.

જૂનાગઢ શહેરમાં
રંગોલી આઈસ્ક્રીમ
ડીલેવરી મેન
જોઈએ છે
૯૧૦૬૪ ૭૧૧૦૩

### રૂપાલાનો પ્રશ્ન વધુ ઉગ્ર બને તે પહેલા

# શામ, દામ અને ભેદની ચાણક્ય રાજનીતિનું શસ્ત્ર બુઠું સાબિત થતાં ભાજપની નજર હવે આધ્યાત્મિક જગત તરફ?

## ચૂંટણીના મતદાન પહેલા " ઘીના ઠામમાં ઘી પડી જશે " : ભાજપનો આશાવાદ

**ચુંટણી ચક્રવ્યુહ**
ગોરધન પાઘડાર
(સિનીયર પત્રકાર)

જૂનાગઢ તા. ૨૦

ગુજરાતમાં ચૂંટણીનો માહોલ.. વહેતી ગંગાના ધસમસતાં પ્રવાહોની જેમ દિન પ્રતિદિન જેમ જેમ રાજકીય પ્રવાહ બદલતા જાય છે તેમ તેમ સતાધારી ભાજપ માં ઉચાટ વધતો જાય છે. તેના ઘણા કારણો પૈકીનું એક કારણ એ મનાય છે કે રાજકોટના ઉમેદવાર પરસોતમ રૂપાલાના વાણી વિલાસ બાદ માત્ર રાજકોટ નહીં, માત્ર ગુજરાત નહીં પણ રાજસ્થાન , એમ.પી. મહારાષ્ટ્ર સહિતના રાજપુતો, ક્ષત્રિયો કે જે એક યા બીજે પ્રકારે ભાજપના સમર્થકો મનાય છે પરંતુ રૂપાલાના વાણી વિલાસના કારણે દિન પ્રતિદિન વિમુખ થતા હોય તેવો ઉગ્ર રોષ ગુજરાત અને ગુજરાત બહારના પ્રદેશોના રાજપુતોમાં કેન્સરના રોગની જેમ ફેલાતો જાય છે. જો કે રૂપાલાએ ત્રણ ત્રણ વખત જાહેરમાં રાજપુતોની માફી માંગેલ તેની અવગણના રાજપુત સમાજે કરતા ભાજપે ગુજરાત અને ગુજરાત બહારના રાજપુત સમાજના ધુરંધર આગેવાનોને ડેમેજ કંટ્રોલનાં ભાગરૂપે મેદાનમાં ઉતારેલા પણ વટ, વચન, અને વેરની અસલ ક્ષાત્ર વૃતિના કારણે જીદે ભરાયેલા રાજપુત સમાજ કોઈને નમતું જોખવાનાં બદલે આવા સમાધાનકારી રાજપુતોને 'ભાજપુતો' ગણાવીને તેની અવહેલના કરી અને એકજ માંગણી કે રૂપાલાને પરત ખેંચો પરંતુ જો રૂપાલાને બદલવામાં આવે તો તેનો ચેપ અન્ય બેઠકો ઉપર લાગે તો? છેલ્લે ભાજપના ઉચ્ચ મોવડી મંડળે રૂપાલાને ન બદલવાનો નિર્ણય લેતા રાજપુત સમાજના યુવાનો, મહિલાઓનો રાજકોટ ઉપરાંત અન્ય શહેરોમાં પણ ભાજપ સામે ઉગ્ર વિરોધ વચ્ચે રૂપાલાએ પક્ષના આદેશ અનુસાર રાજકોટમાં ઉમેદવારી નોંધાવી દીધી. તેના ચારેકોર એટલા મોટા પડઘા પડવા લાગ્યા કે ભાજપના પોતાના હાથમાંથી બાજી છટકવાની લગભગ તૈયારી લાગતા અમિત શાહને મેદાનમાં આવવું પડેલ અને રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતના ભાજપના તમામ જ્ઞાતિના (ખાસ રાજપુત) ઉચ્ચ આગેવાનો સાથે બંધ બારણે ચર્ચા વિચારણા કરેલ.

જો કે એક પત્રકારના ઉતરમાં અમદાવાદ ખાતે અમિત શાહએ સ્પષ્ટ શબ્દોમાં સંકેત આપી દીધો કે રાજકોટ બેઠક તો રૂપાલા જ લડશે.

જો કે ઉમેદવારી પત્રો ખેંચવાની છેલ્લી તારીખ સુધી રાજપુત સમાજની બહેનો અને યુવાનોએ થોભો અને રાહ જૂઓ..ની નીતી વચ્ચે વિરોધ ચાલુ જ છે. જો કે ભાજપના મોવડી મંડળને એક અંદાજ આવી જ ગયો છે કે માત્ર રાજપુત એવંમ્ ક્ષત્રિય સમાજમાં જ નહીં પરંતુ તેમાં સમાવિષ્ટ થતાં દરબારો, ગરાસીયાઓ, કાઠીઓ, હાટીઓ સહિતના સમાજમાં યુવાન વર્ગમાં ક્ષાત્રવૃતિ, તેજસ્વીતા, શુરવીરતા એવંમ્ અસ્મિતા સંબંધી એક ચોક્કસ વિચારના કારણે ક્રાંતિની મશાલ પ્રગટી હોવાથી મહા ભારતના અભિમન્યુની જેમ ' યુધ્ધ એજ ધર્મ, યુધ્ધ એજ કલ્યાણ'ની ભૂમિકામાં આવી ગયેલા ક્ષત્રિય યુવાનો કે બહેનો વાર્યા વરે તેમ ન હોવાથી ભાજપે આધ્યાત્મિકતા તરફ નજર કરીને ન ભૂતો ન ભવિષ્ય જેવી રાજપુત સમાજના યુવાનો, મહિલાઓમાં ક્રાંતિ સર્જનાર કોણ? તે દિશા તરફ સમાધાન માટેના ચક્રો ગતિમાન કર્યાનું આધ્યાત્મિક જગતમાં ચર્ચાય છે.

# માધવપુરના મેળા સાથે દેવભૂમિ દ્વારકામાં આવતીકાલે ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીજીના સત્કાર સમારોહનું આયોજન

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૦

ભારતના ઉત્તર - પૂર્વ પ્રદેશો અને પશ્ચિમ ભારતના ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિના સમન્વયના અનુબંધનો ઉત્સવ માધવપુર ઘેડ મેળો તા. ૨૧એપ્રિલ, ૨૦૨૪ સુધી યોજાશે. ભગવાન શ્રી કૃષ્ણ રૂકમણીજી સાથે વિવાહ કરીને બારાત લઈને દ્વારકા પહોંચ્યા તે પૌરાણિક મહાત્મ્યને પુનઃ ઉજાગર કરતા દ્વારકામાં ભગવાન શ્રી કૃષ્ણ અને રૂકમણીજીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. જેના અનુસંધાને જિલ્લા કલેકટર શ્રી જી.ટી.પંડ્યાના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેકટરશ્રીની કચેરીના સભાખંડમાં બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી જી.ટી.પંડ્યાએ જણાવ્યું હતું કે, તા. ૨૧ એપ્રિલ, ૨૦૨૩ સુધી માધવપુર ઘેડ ખાતે મેળો યોજાનાર છે. ભગવાન શ્રી કૃષ્ણ રૂકમણીજી સાથે વિવાહ કરીને બારાત લઈને દ્વારકા પહોંચ્યા તે પૌરાણિક મહાત્મ્યને પુનઃ ઉજાગર કરવા દ્વારકામાં તા. ૨૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ ભગવાન શ્રી કૃષ્ણ અને રૂકમણીજીનો સત્કાર સમારોહ યોજવામાં આવશે. શોભાયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. બેઠકમાં સમગ્ર આયોજનની સુ વ્યવસ્થિત તૈયારી થાય તે માટે વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ
ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી
કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના
હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી
ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં
સ્પે. પંજાબી શાક તેમજ
ઉંધીયુ મળશે.
રાજ
ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં
જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને
રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્રી નોરતા.. ચૈત્રી
નોરતા માટે ખાસ
ગાયનું ઘી તાજુ આવી
ગયેલ છે. તેમજ
ભેંસનું શુધ્ધ ઘી-
લેબોરેટરી ટેસ્ટ તથા
ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની
શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે
અવનવી વેરાયટીમાં ફટાકડા
મેળવવા માટે
તેમજ સ્ટેશનરીનો
સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી,
આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ,
રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ
બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

પવિત્ર રમજાન માસ
નિમિત્તે ગરમા ગરમ
બ્રેડ, પાઉ તથા
નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ
પ્યોર ચણાનાં લોટનાં ગરમા
ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ
સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી
ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક,
ડબાગલીના નાકે,
કષ્ટભંજન હનુમાન
મંદિર સામે, જૂનાગઢ

જલજીવન
આઈસ્ક્રીમ
અંદર બેસવાની
સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ,
જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

### ફરીવાર મનપા તંત્રની અણ આવડત છતી થઈ

# જોષીપરાના હનુમાનપરા પ્રાથમિક શાળા પાસે રસ્તો ખોદી નાખતા મતદાનને થશે મોટી અસર





## તાત્કાલીક રસ્તા રીપેરીંગની કામગીરી પૂર્ણ કરવા અથવા તો મતદાન મથકોને અન્યત્ર ફેરવવા માંગણી

જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢ શહેરના જોષીપરા વિસ્તારમાં આવેલા હનુમાનપરા પ્રાથમિક શાળામાં મતદાન મથકો રાખવામાં આવતા હોય છે પરંતુ હાલ હનુમાનપરા પ્રાથમિક શાળા પાસે રસ્તા ખોદી નાખવામાં આવતા ચુંટણીના દિવસે મતદાનને અસર થશે જેથી આ અંગે મહાનગરપાલિકાના વોર્ડ નં.૬ના કોર્પોરેટર લલીતભાઈ પણસારાએ કલેકટરને પત્ર પાઠવી અને તાત્કાલીક અસરથી કાર્યવાહી કરવાની માંગણી કરી છે. આ પત્રમાં લલીતભાઈ પણસારાએ વધુમાં જણાવેલ છે કે, જોપીપુરા હનુમાનપરા પ્રાથમિક શાળા પાસે મનપા દ્વારા રોડ ખોદી નાખવામાં આવેલ છે. આ પ્રાથમિક શાળામાં ચાર થી પાંચ બુથ આવેલા છે.અને તા.૭/૫/૨૦૨૪ ના રોજ લોકસભાની ચુંટણીનું મતદાન હોય બહોળી સંખ્યામાં મતદારો મતદાન કરતા હોય અને ત્યારે જ આ રોડની કામગીરી સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેનની સુચનાથી હાથ ધરાઈ છે. લોકસભા તથા મહાનગરપાલિકાની ચુટણીઓ નજીક હોય જેથી ઉતાવળમાં આ રોડ ખોદી નાખવામાં આવેલ હોય અને આ રોડ ખોદયા બાદ હાલ તેમાં ભુર્ગભ ગટરની કામગીરી થોડા સમય પહેલા જ થયેલ છે અને હાલ પાણીની પાઈપ લાઈનની કામગીરી નવી નાખવાની ચાલુ છે. જે કામગીરી અંદાજીત ચાર થી પાંચ દિવસે પુર્ણ થશે.અને ભુર્ગભ ગટર અને આ પાણીની લાઈન માટે ૮ થી ૧૦ ફુટ ઉંડુ ખોદાણ થયેલ છે. જો આ રોડ ઉપર તાત્કાલીક રોડ બનાવવામાં આવે તો આ રોડ બે મહીના પણ નહી ટકે અને લોકોના ટેક્ષના પૈસાનું પાણી થશે અને જો રોડ બનાવવામાં આવે તો મતદાન પહેલા સિમેન્ટ રોડ બને તો તેમની કામગીરી પુર્ણ થઈ શકે એમ નથી. જેથી કરી આ ગંભીર બાબતે કોઈ યોગ્ય રસ્તો કરી અને મતદાન મથક સુધી લોકો પહોચી શકે અથવા મતદાન મથકો અન્ય જગ્યાએ સ્થળાંતર કરવા તાત્કાલિક કાર્યવાહી કરવી જરૂરી છે અને પદાધિકારી દ્વારા વોર્ડ નં.૪માં આડેધડ કરાવવામાં આવતા કામને લીધે અન્ય જગ્યાએ પણ લોકોને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. અને કરોડ રૂપીયાના જે કામો થાય છે. તેની ગુણવતા બાબતે પણ અનેક સવાલો ઉભા થાય છે. હાલમાં જ અનેક રોડ બે મહીનામાં તુટવા લાગ્યા છે. જેના લીધે જનતાના ટેક્ષના કરોડો રૂપીયાનું આંધણ થઈ રહયું છે. પાણીની લાઈન તથા ભુર્ગભ ગટર ના વર્ક ઓર્ડર નીકળી ગયેલ છે છતા પ્રથમ રોડ ખોદી નાખવામાં આવે છે. અને ત્યાર બાદ ગટર અને પાણીની કામગીરી કરવામાં આવે છે. જેના લીધે મહીનાઓ સુધી રોડનું કામ પુર્ણ થતુ નથી જેનો સરદાર પરા મુખ્ય રોડ જીવતુ જાગતુ ઉદાહરણ છે. છતા પણ આવી કામગીરી કેમ કરવામાં આવે છે અને શા માટે ? તેવા સવાલો ઉઠે છે. વધુમાં મનપા દ્વારા જોયા જાણ્યા વગર આડેધડ કામો કરી રહી છે. જો હવે આ સીસ્ટમ બંધ નહી થાય તો લોકોને સાથે રાખી અને મનપા કચેરી ખાતે ઉગ્ર આંદોલન કરવામાં આવશે. જેની ગંભીર નોંધ લેવા અંતમાં જણાવેલ છે.

# જૂનાગઢમાં ગિરનાર રોડ ઉપર મયારામદાસબાપુના આશ્રમની બાજુમાં છેલ્લા ૨૦ દિવસથી ગટરનું પાણી ઉભરાતા લોકોને પડતી મુશ્કેલી



(તસ્વીર : ધર્મેશ ખાચર)

જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢની જનતા રસ્તા, પાણી, લાઈટ, ગટર સહિતના વિવિધ પ્રશ્નોથી પીડાઈ રહી છે અને પ્રજાની અનેક ફરીયાદો રહેલી છે. યોગ્ય નિરાકરણ થતું ન હોવાની પણ વ્યાપક ફરીયાદો છે. દરમ્યાન જૂનાગઢના ગિરનાર રોડ ઉપર મયારામદાસબાપુના આશ્રમની બાજુમાં છેલ્લા ૨૦ દિવસથી ગટરનું પાણી ઉભરાય છે અને જેને લઈને આજુબાજુના રહેવાસીઓ તેમજ દુકાન ધારકોને ભારે મુશ્કેલી પડી રહી છે. રસ્તા ઉપર ગટર ઉભરાવવાને કારણે જે ખરાબ હાલત સર્જાય છે તે અંગે રજૂઆતો પણ કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી જેથી આ બાબતે તાત્કાલીક અસરથી કામગીરી મનપા તંત્ર દ્વારા કરવામાં આવે તેવી માંગણી વ્યાપક બની છે.

# ખેડૂતોએ ઉભા પાકને સવારે અથવા સાંજે પિયત આપવું, પરિપક્વ પાકની વહેલીતકે લણણી અને ઝુંડણીની કાર્યવાહી પૂર્ણ કરવી

જૂનાગઢ,તા.૨૦

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી અઠવાડિયામાં જૂનાગઢ જિલ્લામાંપવન સાથે ઉષ્ણલહેર રહેવાની શકયતા છે. ત્યારે અતિશય ગરમી / હિટવેવ ને ધ્યાને લઈને જૂનાગઢ જિલ્લા પંચાયત દ્વારા ખેડૂતો માટે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

આ માર્ગદર્શિકા મુજબ બપોરના સમયે બહાર નિકળવાનું ટાળવું.જયારે પણ શકય હોય ત્યારે પુરતુ પાણી પીવો. મોસમી ફળો, શાકભાજી ખાઓ જેમાં પાણીનું પ્રમાણ વધુ હોય જેમ કે, તરબુચ, ટેટી, નારંગી, દ્રાક્ષ, અનાનસ, કાકડી અથવા અન્ય સ્થાનિક ઉપલબ્ધ ફળો અને શાકભાજીઓ. મહતમ શરીર ઢંકાય તેવા પાતળા ઢીલા વજનમાં હળવા સુતરાઉ વસ્ત્રો ખાસ કરીને હળવા રંગના પહેરવા તેમજ માથુ ઢંકાયેલુ રાખવું તેમજ તડકામાં બહાર જતી વખતે પગમાં બુટ - ચંપલ પહેરવા, પશુઓને છાંયડે રાખવા.ઉભા પાકને સવારે અથવા સાંજે પિયત આપવું.પરિપકવ પાકની વહેલીતકે લણણી અને ઝુડણીની કાર્યવાહી પૂર્ણ કરવી.

આ ઉપરાંત જો ઉચ્ચ શરીરનું તાપમાન અને બેભાન, મુઝવણ અથવા પરસેવો બંધ થઈ ગયેલ વ્યક્તિ મળે તો તરત જ ૧૦૮ પર કોલ કરો અથવા નજીકના આરોગ્ય કેંન્દ્ર નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી વી.કે.ચૌહાણની અખબારી યાદીમાં જણાવાયું છે.

## જોશીપુરા ઝોનલ કચેરીનું સોરઠ ભવન,રેલ્વે સ્ટેશન રોડ,ગાંધીચોક ખાતે સ્થળાંતરણ કરાયું

જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા કેશરીયા ગૌશાળા પાસે સ્થિત જોશીપુરા ઝોનલ ઓફીસની કચેરીનું બિલ્ડીંગ જર્જરિત થયેલ હોવાથી કોઈ કર્મચારીઓને તથા શહેરીજનોને કોઈ હાની ન પહોચે તેવા શુભાશયથી સોરઠ ભવન, રેલ્વેસ્ટેશન રોડ,ગાંધી ચોક ખાતે સ્થળાંતર કરવામાં આવેલ છે.તેમજ જોશીપુરા ઝોનલ ઓફીસને લગત તમામ કામગીરી સોરઠ ભવન,રેલ્વે સ્ટેશન રોડ,ગાંધી ચોક ખાતે જ કરવામાં આવશે.જેની સૌ શહેરીજનો તેમજ કરદાતાઓએ નોંધ લેવા જણાવેલ છે.

### રસ્તો ખોદી નાખવાને કારણે

# જોષીપરામાં આવેલ હનુમાનપરા પ્રાથમિક શાળા સુધી પહોચવા માટે લોકોને મુશ્કેલી : તત્કાલ પગલા ભરવા માંગ

જૂનાગઢ, તા.૨૦

આગામી લોકસભાની ચુંટણી નજીકના સમયમાં જ યોજાનાર છે ત્યારે આ ચુંટણી ટાકણે જે સ્થળે પાંચ બુથ મતદાન માટેના હોય છે તેવા સ્થળ જોષીપરાના હનુમાન પ્રાથમિક શાળાની નજીક જ રસ્તો ખોદી નાખવામાં આવતા ભારે મુશ્કેલી સર્જાઈ છે. હનુમાન પરા વિસ્તારના સામાજીક કાર્યકર ભાવેશભાઈ ગઢીયાએ મુખ્ય ચુંટણી અધિકારી અને કલેકટરશ્રી જૂનાગઢને એક પત્ર પાઠવી અને રજૂઆત કરતા જણાવેલ છે કે, આગામી તા.૭/૫/૨૦૨૪ના રોજ જૂનાગઢ લોક સભાની બેઠકનું મતદાન હોય જયારે જોષીપરા હનુમાનપરા પ્રાથમિક શાળામાં મતદાન મથકો હોય છે જયાં પાંચ મતદાન બુથ ઉપર મતદાન થતું હોય છે. છેલ્લા ૨૦ દિવસથી રસ્તો ખોદી નાખવામાં આવેલ છે અને હનુમાનપરા પ્રાથમિક શાળાએ જવા માટે લોકોને ભારે તકલીફ પડે છે. પાણીની લાઈનો ટુલી હોય તેમજ પાઈપલાઈન નાખવાનું કામ ચાલુ હોય જેના કારણે ગંદકીનો ઉપદ્રવ હોય જેથી વૃધ્ધો અને મહિલા મતદારોને મતદાન મથકે પહોંચવા માટે ખુબજ તકલીફ થાય અને જેની મતદાન ઉપર મોટી અસર થાય તેમ છે જેથી આ રસ્તાને ગુણવત્તા જળવાય તે રીતે રીપેર કરવાની કામગીરી હાથ ધરાઈ અને નહીંતર આ મતદાન મથકને અન્ય સ્થળોએ ફેરવી નાખવા જોઈએ જેને લઈને મતદાન સારૂ થાય અને લોકો પોતાના મતનો ઉપયોગ કરી શકે.

જેથી આ બાબતે તાત્કાલીક અસરથી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લાગણી ભાવેશભાઈ ગઢીયાએ વ્યકત કરી છે.

# જૂનાગઢના કિન્નર સમાજના અગ્રણીઓએ તા.૭મી મેએ અચૂક મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી બનવા કરી અપીલ

## સમાજનો અભિન્ન ભાગ કિન્નર સમાજ કહે છે, તા.૭મી મેએ અચૂક વોટ કરો



જૂનાગઢ તા.૨૦

સમાજના અભિન્ન ભાગ તેવો કિન્નર સમાજ તા.૭મી મે એ અચૂક મતદાન કરવા માટે સંકલ્પબદ્ધ થયો છે. સંખ્યાની દ્રષ્ટિએ ખૂબ જૂજ પણ ૧૦૦ ટકા મતદાન કરવા માટે નિર્ધાર કર્યો છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં મતદાન જાગૃતિ અને મહત્તમ મતદાન થાય તે માટે સમાજના દરેક તબક્કા સુધી જિલ્લા ચૂંટણી તંત્ર પહોંચી રહ્યું છે. મતદાન જાગૃતિની આ ઝુંબેશમાં જૂનાગઢનો કિન્નર સમાજ સહભાગી બન્યો હતો. જૂનાગઢ રેલવે સ્ટેશન પાસે આવેલ ચંદ્રમોલેશ્વર મહાદેવના સાનિધ્યમાં sveep અંતર્ગત નિર્ભયતાપૂર્વક, ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનોથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરવા માટે કિન્નર સમાજે સંકલ્પ કર્યો હતો.

કિન્નર સમાજના અગ્રણી ફીજામાસીએ જણાવ્યું કે, તા.૭મી મેએ અમે મતદાન કરવા માટે જવાના છીએ ત્યારે જૂનાગઢવાસીઓ પણ દેશ અને સમાજના હિતમાં તેમજ ઉજ્જવળ ભવિષ્ય માટે ૧૦૦ ટકા મતદાન કરે. તેવો તેમણે અનુરોધ કર્યો હતો. તેવા જ કિન્નર સમાજના અગ્રણી નીરુમાસીએ પણ યોગ્ય જનપ્રતિનિધિ ચૂંટવા માટે અવશ્ય મતદાન કરવાનો અનુરોધ કરતા કહ્યું કે, ૧૦૦ ટકા મતદાન કરી લોકશાહીનું આ મહાપર્વ ઉજવવું જોઈએ. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિપુલ ઘુંચલા અને જીગ્નેશ મહેતાએ મતદાન જાગૃતિના આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# સાળંગપુરધામ ખાતે સુપ્રસિદ્ધ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરે શ્રી હનુમાન જયંતિ મહામહોત્સવની ભવ્ય ઉજવણી થશે : તડામાર તૈયારી





સાળંગપુર, તા.૨૦

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદથી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તથા શ્રી વડતાલધામ ટેમ્પલ બોર્ડ એવં સંપ્રદાયના મૂર્ધન્ય સંતો દ્વારા તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી ગુરૂ પુરાણી શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)ના માર્ગદર્શનથી “શ્રી હનુમાન જયંતી” મહોત્સવ એવં લોકડાયરો, દાદાને અન્નકૂટ,પુષ્પવર્ષા વગેરે અનેક વિધ કાર્યક્રમનું ભવ્યાતિ ભવ્ય આયોજન તા.૨૧-૨૨-૨૩ એપ્રિલ૨૦૨૪ના રોજકરવામાં આવેલ છે.

રામદૂત હનુમાનજીના જન્મોત્સવ પહેલાં સાળંગપુરધામ મઘમઘી રહ્યું છે. સાળંગપુર હનુમાન મંદિરે હનુમાન જયંતી નિમિત્તે આગામી આગામી ૨૧થી ૨૩ એપ્રિલ ૨૦૨૪ દરમ્યાન ભવ્ય હનુમાનજન્મોત્સવનું આયોજન કરાયું છે. આ વખતે પહેલીવાર સાળંગપુર હનુમાનજી મંદિર પરિસરમાં ૫૪ ફૂટ ઊંચી કિંગ ઓફ સાળંગપુરની મૂર્તિ ઉપર પાંચ હજાર કિલો પુષ્પની વર્ષા કરવામાં આવશે. આ ઉપરાંત ત્રણ દિવસ દરમ્યાન મારૂતિ યજ્ઞ, બર્થ ડે સેલિબ્રેશન, મહા અન્નક્ષેત્ર અમે મહાઆરતી સહિતના કાર્યક્રમ યોજાશે. ત્રણ દિવસના હનુમાન જન્મોત્સવ વિશે વાત કરતાં સાળંગપુર હનુમાનજી મંદિરના કોઠારી શ્રી વિવેકસાગરદાસ સ્વામીએ વાત કરતાં જણાવ્યું કે,"શ્રીહનુમાન જયંતિ સાળંગપુર ધામના આ મહામહોત્સવમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. અહીં આવતા લાખો ભક્તો માટે અલગ-અલગ પ્રકારના પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ દર્શન માટે વિશેષ કરીને સ્વયંસેવકો ખડે પગે રહેશે. ?મંદિરના કેમ્પસની અંદર, બહાર પીવાના પાણીની અને સરબતની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. મહામહોત્સવની અંદર સરકાર વગેરે સાથે મળી અને મંદિરના ૨૦૦૦થી વધારે સ્વયં સેવકો ખડેપગે સમગ્ર મહોત્સવનું સંચાલન માઈક્રો પ્લાનિંગ કરવામાં આવ્યું છે. સમગ્ર મહોત્સવનું શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું છે." સાળંગપુરમાં આગામી ૨૧ એપ્રિલ એટલે કે, રવિવારના દિવસે શ્રીકષ્ટભંજનદેવનું ૫૫૫ કિલો પુષ્પ દ્વારા ભવ્ય રાજોપચાર પૂજન સાંજે ૪.૦૦ કલાકે કરાશે. રાજોપચાર માટે ૫ પ્રકારના પુષ્પો વડોદરાથી મંગાવવામાં આવ્યા છે. મહત્ત્વનું છે કે, દાદાની રાજોપચાર પૂજા ઘણી વખત કરવામાં આવે છે. રાજોપચાર પૂજાની વિશેષતાની વાત કરીએ તો, ભગવાન શ્રીરામના સમર્પિત સેવક હનુમાનજી મહારાજ પણ એક રાજાની જેમ પોતાનાં ભક્તોના કષ્ટોને નિરંતર દૂર કરે છે, તેથી જ શ્રી સાળંગપુરધામમાં કોઈને કોઈ કારણસર રાજોપચાર પૂજન કરવામાં આવે છે. જે ઉપચારથી રાજા પ્રસન્ન થાય છે તેને રાજોપચાર પૂજા કહે છે. શ્રીહનુમાનજી મહારાજ શાસ્ત્રોમાં પારંગત છે. તેઓ વેદોના રહસ્યો જાણે છે, તેથી જ રાજોપચાર પૂજામાં ચાર વેદના મંત્રો સૌપ્રથમ હનુમાનજી મહારાજને સમર્પિતથાય છે. ત્યારબાદ પ્રાંતિક ભાષામાં લખેલા શાસ્ત્રો, પુરાણો, ઉપનિષદો પણ હૃદયપૂર્વક પાઠ કરવામાં આવે છે.

આ ઉપરાંત રાજોપચાર પૂજામાં જેમ રાજાને સંગીત અને નૃત્ય ગમે છે, તેવી જ રીતે હનુમાનજી મહારાજની સામે શાસ્ત્રીય સંગીત સહીત વિવિધ સંગીતનાં સાધનો વડે સંગીત રજૂ કરવામાં આવે છે અને નર્તકો પણ નૃત્ય કરીને હનુમાનજી મહારાજને પ્રસન્ન કરે છે.વિવિધ વસ્ત્રો, આભૂષણો, સ્વાદિષ્ટ નૈવેદ્ય અને મંગલ નિરાજન પણ હનુમાનજી મહારાજને સમર્પિત છે. ૧૦૦ કિલોથી વધુ ગુલાબની પાંખડીઓ સાથે શ્રીહનુમાનજી મહારાજના ફૂલની વર્ષા પણ જોવાલાયક બની જાય છે. આ રીતે રાજોપચાર પૂજા આવતા ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. રાજોપચારપૂજન પવિત્ર તહેવારો, તિથી કે ઉત્સવ દરમિયાન ઉજવવામાં આવે છે. ઘણી વખત ભક્તોના સંકલ્પ પ્રમાણે અનુકુળ તારીખોમાં પણ આ રાજોપચાર પૂજન કરવામાં આવે છે તો ૨૨ એપ્રિલ એટલે કે, સોમવારના રોજ ૫૪ ફૂટ ઊંચી હનુમાનજીની કિંગ ઓફ સાળંગપુરની મૂર્તિ પર ૫,૦૦૦ કિલો પુષ્પનો અભિષેક સાંજે ૪.૦૦ કલાકે કરાશે. આ માટે ૩થી ૪ પ્રકારના પુષ્પો વડોદરા અમદાવાદ અને ઉત્તર ગુજરાત અને મધ્યપ્રદેશથી મંગાવ્યા છે. પુષ્પાભિષેક કરવા માટે ૧૬ ટનની ક્રેન વડે ૮૦ ફૂટ ઉપર ૧૫૮૨૫નું સ્ટેજ બનાવાયું છે. જ્યાંથી સંતો અને યજમાનો દાદાનો પુષ્પાભિષેક કરશે. આ પછી ભક્તોમાં પ્રસાદી રૂપે વિતરણ કરવામાં આવશે.

તો રાતે ૯ વાગ્યાથી રાત્રી કાર્યક્રમ શરૂ થશે. કિંગ ઓફ સાળંગપુરની મૂર્તિ સમક્ષ અનેક પ્રકારની અગ્નિઓથી પૂજન એવમ્ મહાઆરતી કરવામાં આવશે. મહા આરતીમાં સંપ્રદાયના મૂર્ધન્ય સંતો, ભક્તો, યજમાનશ્રીઓ અને સ્વયંસેવકો ભાવપૂર્વક જોડાશે. આ પછી અમેરિકન ગોટ ટેલેન્ટ વિજેતા ડાન્સ ગ્રુપ દ્વારા ભવ્ય ડાન્સરજુ કરવામાં આવશે. ત્યારબાદ જાણિતા કીર્તિભાઈ સાગઠિયા દ્વારા ભક્તિ ગીતોની રમઝટ બોલાવવામાં આવશે. આ કાર્યક્રમ સંતો, યજમાનો, અને તમામ ભક્તો બગીચામાં બેસી ને સંગીત કાર્યક્રમ માણશે. આ પછી ૨૩ એપ્રિલ એટલે કે મંગળવારે હનુમાન જયંતીના દિવસે મંગળા આરતી સવારે ૫ વાગ્યે, શણગાર આરતી અને બર્થ-ડે સેલિબ્રેશન સવારે ૭ વાગ્યે કરાશે. આ દરમિયાન સમૂહ મારુતિ યજ્ઞ યોજાશે જેમાં ૫૦૦થી વધુ લોકો ભાગ લેશે.

હનુમાન જયંતીના દિવસે ૫ હજાર કિલો ફૂલથી સમગ્ર મંદિર શણગારવામાં આવશે. આ માટે વડોદરા, અમદાવાદ, સુરેન્દ્રનગર, મધ્યપ્રદેશ અને કલકત્તાથી ખાસ મોગરા ફૂલ મંગાવવામાં આવ્યા છે. આ ફૂલના શણગારમાં ૧૫ સંતો-પાર્ષદો અને ૧૦૦ જેટલા હરિભક્તો આ સેવામાં જોડાશે. તો ૨૫૦ કિલોની કેક બનાવવામાં આવી છે. આ ઉપરાંત હનુમાન જયંતીના દિવસે લાખો ભક્તો દાદાનો પ્રસાદ લઈ શકે એ માટે મહા અન્નક્ષેત્રનું આયોજન કરાયું છે. જેમાં એક સાથે એક સમયે ૨૦ હજાર ભક્તો બેસીને જમી શકે એવી વ્યવસ્થા કરાઈ છે. દાદાના ભક્તોને દાળ, ભાત, શાક, રોટલી અને મીઠાઈ ભોજન મહા અન્નક્ષેત્રમાં પીરસવામાં આવશે. મહત્ત્વનું છે કે, ટોટલ ૧.૫થી ૨ લાખ માણસો જમી શકે તેટલો પ્રસાદ મહા અન્નક્ષેત્રમાં બનાવવામાં આવશે. તો હનુમાન જયંતીના દિવસે સાંજે ૭ વાગ્યે મહાસંધ્યા આરતીનું આયોજન કરાયું છે. જેમાં દાદાને સંતો અને ભક્તો દ્વારા સમૂહ મહાઆરતી કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

## ઘઉંમાં સરકાર પાસે સ્ટોક ઘટતાં નવી ખરીદી વેગ પકડી રહ્યાના સંકેતો

દેશમાં અનાજ ઉત્પાદન ક્ષેત્રે પ્રવાહોપલ્ટાતા રહ્યા છે. વર્ષો અગાઉ આપણે ઘઉં-ચોખાની આયાત પર આધાર રાખવો પડતો હતો તેના બદલે ત્યારબાદ આપણે ઘઉં-ચોખાનું ઉત્પાદન વધતાં તેની નિકાસ કરતા થયા છીએ. દરમિયાન, દેશમાં હવે ટૂંકમાં લોકસભાની ચૂંટણીઓ માથે આવી છે ત્યારે અનાજ બજારમાં ચાલતી ભાવ સપાટી પર સરકારની હાલ બારીક નજર જોવા મળી છે. ઘઉંનો વપરાશ કરતી જનતા તથા ઘઉંની ખેતી કરતા ખેડૂતોમાં નારાજગી ના થાય એવા સમતોલ પગલા ભરવાનો સરકાર સામે પડકાર તાજેતરમાં વધ્યો છે. દરમિયાન, દેશમાં હોળી-ધૂળેટી પછી હવામાનમાં ગરમી વધી છે અને તેના પર ખેડૂતોની પણ નજર રહી છે. દેશમાં ઘઉંની રવિ માર્કેટ મોસમ એપ્રિલથી શરૂ થઈ છે જે સપ્ટેમ્બર સુધી ચાલવાની છે. સરકાર હસ્તકના ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના સૂત્રોના જણાવ્યા મુજબ નવી મોસમમાં પ્રથમ તબક્કે ૧૫ લાખ ટન ઘઉંની ખરીદી કરવામાં આવી છે. જે પાછલા વર્ષે આ ગાળામાં ૧૦થી ૧૧ લાખ ટન થઈ હતી.જો કે આ વર્ષે આવી ખરીદી ગયા વર્ષની સરખામણી આશરે ૧૫ દિવસ મોડી શરૂ થયાનું અનાજ બજારના જાણકારોએ જણાવ્યું હતું. ફૂડ કોર્પોરેશન પાસે ઘઉંનો કુલ સ્ટોક તાજેતરમાં ઘટી ૨૦૧૮ પછી પ્રથમ વખત ૧૦૦ લાખ ટનની સપાટીની અંદર ઉતરી ૯૭ લાખ ટનના મથાળે પહોંચી ગયાના વાવડ મળ્યા હતા. છેલ્લા બે વર્ષ દરમિયાન ઘઉંમાં સરકારી ખરીદી ધીમી પડી હતી સામે સરકાર દ્વારા ખુલ્લા બજારમાં ઘઉંનું વ્યાપક વેંચાણ છાશવારે કરાતું રહેતાં સરકાર પાસે તાજેતરમાં ઘઉંનો સ્ટોક ઘટતો જોવા મળ્યો હતો. જોકે આની સામે સરકાર પાસે ચોખાનો સ્ટોક બફર સ્ટોકના ધારાધોરણોની સરખામણીએ ચાર ગણો વધુ રહ્યાના નિર્દેશો પણ મળ્યા હતા.

જો કે ઘઉંમાં બફર સ્ટોકના ધોરણો કરતાં સરકાર પાસે ઘઉંનો સ્ટોક વધુ રહ્યો હોવાનું એફસીઆઈ સૂત્રો જણાવી રહ્યા હતા. બફર સ્ટોકના એપ્રિલના ધોરણે ૭૪થી ૭૫ લાખ ટનના રહ્યા છે. દરમિયાન, ધી રોલર ફ્લોર મિલ્સ ફેડરેશનના સૂત્રોના જણાવ્યા મુજબ દેશમાં ઘઉંનો નવો પાક આશરે ૧૦૫૭થી ૧૦૫૮ લાખ ટન જેટલો થવાની શક્યતા છે. સરકાર ઘઉંના ઉત્પાદનનો અંદાજ ૧૧૨૦થી ૧૧૨૧ લાખ ટનનો બતાવાયો છે. સરકાર દ્વારા ઘઉંની નવી મોસમમાં કુલ ખરીદી આશરે ૩૧૦થી ૩૨૦ લાખ ટન જેટલી થવાની શક્યતા સૂત્રો બતાવી રહ્યા હતા. સરકારની આવી ખરીદી પાછલી મોસમમાં આશરે ૨૬૧થી ૨૬૨ લાખ ટન જેટલી થઈ હતી. આ વર્ષે સરકાર દ્વારા ઘઉંની ખરીદી ૧૩મી માર્ચથી શરૂ કરાઈ હતી તથા રાજસ્થાનથી આલી ખરીદીનો આરંભ કરાયો હતો. આ વર્ષે ઘઉંનું ઉત્પાદન રાજસ્થાન, ગુજરાત તથા મહારાષ્ટ્રમાં અપેક્ષાથી ઓછું થવાની શક્યતા બજારના જાણકારો બતાવી રહ્યા હતા. ઉત્તર પ્રદેશમાં ઘઉંનો પાક ૩૨૨ થી ૩૨૩ લાખ ટન થવાની શક્યતા છે. જે પાછલા વર્ષે ૩૦૭થી ૩૦૮ લાખ ટન નોંધાયો હતો. મધ્ય પ્રદેશમાં આવો પાક ૨૪૫થી ૨૪૬ લાખ ટનથી વધી ૨૪૯થી ૨૫૦ લાખ ટન થવાની શક્યતા બતાવાઈ રહી છે. પંજાબમાં ઘઉંનું ઉત્પાદન ૧૪૮થી ૧૪૯ લાખ ટનથી વધી ૧૫૪થી ૧૫૫ લાખ ટન થવાની આશા બતાવાઈ રહી છે. હરિયાણામાં આ આંકડો ૯૯થી ૧૦૦ લાખ ટનથી વધી ૧૦૩થી ૧૦૪ લાખ ટન થવાની ગણતરી જાણકારો બતાવી રહ્યા હતા. બિહારમાં ઘઉંનો પાક ૫૫થી ૫૬ લાખ ટનથી વધી આ વર્ષે ૫૮થી ૫૯ લાખ ટન થવાની શક્યતા છે. જોકે આની સામે રાજસ્થાનમાં ઘઉંનું ઉત્પાદન ૯૧થી ૯૨ લાખ ટનથી ઘટી ૮૮થી ૮૯ લાખ ટન થવાની શક્યતા છે. જ્યારે ગુજરાતમાં આ આંકડો ૩૩થી ૩૪ લાખ ટનથી ઘટી ૩૧થી ૩૨ લાખ ટનનો બતાવાઈ રહ્યો છે. મહારાષ્ટ્રમાં ઘઉંનો પાક ૧૮થી ૧૯ લાખ ટનથી ઘટી ૧૬થી ૧૭ લાખ ટન અંદાજાયો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

આનંદનું મૂળસ્રોત સંતોષ છે.

- મનુસ્મૃતિ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૨ શ્રી વામન દ્વાદશી, શ્રી મદન દ્વાદશી, શ્રી વિષ્ણુ દમનોત્સવ તા.૨૦ એપ્રિલ ૨૦૨૪, શનિવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૧૦, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, ધ્રુવ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૮, સૂ.અ.૭:૧૨

આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), રાત્રે ૮:૫૦ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.


- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પુરૂષાર્થ પછી પણ યોગ્ય ફળ ન મળે. પડવા-વાગવાથી સંભાળવું.
વૃષભ:ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.
મિથુન:આરોગ્ય બાબતે ચિંતા સર્જાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કર્ક: ઘરમાં વાદ-વિવાદનો પ્રસંગ બને. પ્રયત્નો વિલંબથી ફળે.
સિંહ: અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. નાણાભીડ ઉદ્ભવે.
કન્યા: ધીરજની કસોટી થાય.મનમાં ઉગ્રતા રહે.
તુલા: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.
વૃશ્ચિક:કાર્યમાં અટકી-અટકીને સફળતા મળે. આર્થિક પરિસ્થિતિ ગુંચવાય.
ધન: વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.
મકર: માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.
કુંભ: નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.
મીન: મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે.

### IOB સાથે છેતરપિંડી કરી હોવાના આક્ષેપ

# બેંક મેનેજરે બેંક સાથે છેતરપિંડી કરી, ૧૫ કરોડનો દંડ અને સાત વર્ષની કેદ

## અમદાવાદની ફરિયાદના આધારે દોષિત ઠરેલા આરોપી સહિતના લોકો સામે રૂપિયા ૨,૧૪,૯૩,૯૪૦ (અંદાજે) કેસ નોંધ્યો હતો




(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૨૦

ગાંધીનગરના વિશેષ ન્યાયાધીશે આરોપી પ્રીતિ વિજય સાહજવાણી, તત્કાલીન સિનિયર મેનેજર, ઈન્ડિયન ઓવરસીઝ બેંક (આઈઓબી) વસ્ત્રાપુર શાખા, અમદાવાદને ફોજદારી વિશ્વાસઘાત, કિંમતી સુરક્ષા માટે બનાવટ, બનાવટી દસ્તાવેજને અસલી તરીકે ઉપયોગ કરવા અને બેંકને ખોટી રીતે નુકસાન પહોંચાડવાના ગુનામાં રૂ. ૧૫,૦૬,૫૦,૦૦૦ના દંડ સાથે ૭ વર્ષની કેદની સજા ફટકારી છે. કોર્ટે ફટકારવામાં આવેલા દંડમાંથી ૧૫ કરોડ રૂપિયા ફરિયાદી બેંકમાં જમા કરવાનો આદેશ આપ્યો છે.

સીબીઆઈએ ૨૯/૧૦/૨૦૦૧ના રોજ આરોપીઓએ રૂ.૨,૧૪,૯૩,૯૪૦ની IOB સાથે છેતરપિંડી કરી હોવાના આક્ષેપ સાથે, તત્કાલીન સિનિયર રિજનલ મેનેજર આઈઓબી, અમદાવાદની ફરિયાદના આધારે આજે દોષિત ઠરેલા આરોપી સહિતના લોકો સામે રૂપિયા ૨,૧૪,૯૩,૯૪૦ (અંદાજે) કેસ નોંધ્યો હતો. આરોપીઓએ બે ખાતાઓની એફસીએનઆર થાપણોની અંતિમ પાકતી મુદતની ચુકવણી બે નકલી ખાતામાં જમા કરી તથા વાસ્તવિક થાપણદારોની બિન-સમર્પિત થાપણ રસીદોની સુરક્ષા સામે, રકમ, તારીખ, પાકતી મુદતના મૂલ્ય વગેરેમાં ફેરફાર કરીને, બનાવટી ખાતાઓમાં રૂ. ૧,૪૦,૫૦,૦૦૦ (આશરે) ની રોકડ ક્રેડિટ કરી હતી.તપાસ પૂર્ણ થયા બાદ ૧૫/૧૦/૨૦૦૩ના રોજ દોષિત આરોપીઓ સામે વિશ્વાસઘાત, કિંમતી સુરક્ષાની બનાવટ, બનાવટી દસ્તાવેજોનો અસલી તરીકે ઉપયોગ કરવા અને ગુનાહિત ગેરવર્તણૂંક સહિતના ગુના હેઠળ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે વસ્ત્રાપુર શાખા, અમદાવાદના આઈઓબીના તત્કાલીન સિનિયર મેનેજર પ્રીતિ વિજય સાહિજવાણીએ પોતાના સત્તાવાર હોદ્દાનો દુરુપયોગ કરીને બે વ્યક્તિઓની ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (એફસીએનઆર) બેંક ડિપોઝિટની ફાઈનલ મેચ્યોરિટી પેમેન્ટ કેશ ક્રેડિટ (સીસી) એકાઉન્ટમાં અને એસબી એ/સી બનાવટી વ્યક્તિઓના નામે ડિપોઝિટ અથવા પાવર ઓફ એટર્ની (પીઓએ) હોલ્ડરની કોઈ સત્તા વિના વહેંચીને જમા કરાવી હતી. આ ઉપરાંત એફસીએનઆર (બી)ની બિન-સમર્પિત થાપણ રસીદોની સુરક્ષા સામે રૂ. ૧,૪૦,૫૦,૦૦૦/- ની રકમની ડિમાન્ડ લોન / રોકડ ક્રેડિટ્સ અન્ય પાંચ બનાવટી વ્યક્તિઓના નામે મંજૂર કરવામાં આવી હતી, જેમાં જણાવ્યું હતું કે બે ખાતાધારકોને લગતી ડિપોઝિટ રકમ, તારીખ, પરિપક્વતા મૂલ્ય વગેરેમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. આરોપીએ ૨૭.૭.૨૦૦૧ના રોજ વ્યાજ સહિત આશરે રૂ. ૨ કરોડ (અંદાજે) થી વધુનું ખોટું નુકસાન કર્યું હતું. તપાસ દરમિયાન આરોપી પ્રીતિ વિજય સાહિજવાણી ફરાર રહી હતી. રેડ કોર્નર નોટિસ દ્વારા તેની હાજરી સુનિશ્ચિત કરવામાં આવી હતી.

કેનેડિયન ઈમિગ્રેશન સત્તાવાળાઓ દ્વારા તેની અટકાયત કરવામાં આવી હતી અને ૧૧/૦૧/૨૦૧૨ના રોજ તેને ભારત દેશનિકાલ કરવામાં આવ્યો હતો. તેના આગમન પર તેને એસપીએલ કોર્ટ સીબીઆઈ અમદાવાદ સમક્ષ રજૂ કરવામાં આવી હતી અને કોર્ટે તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપી હતી.

સુનાવણી દરમિયાન, ફરિયાદી પક્ષના ૨૩ સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી અને સાક્ષીઓ દ્વારા ૧૫૮ દસ્તાવેજો સાબિત થયા હતા. ચુકાદો સંભળાવ્યા બાદ આરોપી શ્રીમતી પ્રીતિ વિજય સાહિજવાણીને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

### રૂપાલાને હરાવવાનો ક્ષત્રિય સમાજે કર્યો દાવો

# રૂપાલાના વિરોધમાં ક્ષત્રિય સમાજની મહિલાઓ પ્રતિક ઉપવાસ કરશે

## રૂપાલાના વિરોધમાં પાંચ ઝોનમાં પાંચ ધર્મ રથ કાઢવામાં આવશે : સંઘર્ષ લાંબો હોવાથી લીગલ ટીમ બનાવાશે

અમદાવાદ, તા. ૨૦

અમદાવાદમાં ગોતા સ્થિત રાજપૂત ભવન ખાતે આજે ક્ષત્રિય સમાજની સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. અંદાજ ૨ કલાક સુધી સંકલન સમિતિની બેઠક ચાલી હતી. બેટકમાં રમજુબા, કરણસિંહ ચાવડા, તૃપ્તીબા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. પરશોત્તમ રૂપાલાએ ફોર્મ પરત ન ખેંચતા ક્ષત્રિય સમાજ દ્વારા નવી રણનીતિ ઘડવામાં આવી છે. આજે ક્ષત્રિય સમાજ દ્વારા અપાયેલું અલ્ટિમેટમ પૂર્ણ થયું છે. ક્ષત્રિય સમાજ વિશે વિવાદાસ્પદ ટિપ્પણીને લઈને રૂપાલા સામે વધુ એક આંદોલનની જાહેરાત કરાઈ છે. ક્ષત્રિયોનો રોષ હજુ પણ યથાવત્ છે અને તેઓ રૂપાલા સામે લડી લેવાના મૂડમાં છે. અમદાવાદમાં બેઠક બાદ ક્ષત્રિય સંકલન સમિતિએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં સમિતિએ આગામી રણનીતિ અને આંદોલન અંગે માહિતી આપી છે. સમિતિએ તમામ બેઠકો પર ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ કરવાની અને પ્રતિક ઉપવાસ આંદોલનની જાહેરાત કરી છે. સમિતિએ કહ્યું કે, 'રૂપાલાના વિરોધમાં ક્ષત્રિય સમાજની મહિલાઓ પ્રતિક ઉપવાસ કરશે. રૂપાલાના વિરોધમાં પાંચ ઝોનમાં પાંચ 'ધર્મ રથ' કાઢવામાં આવશે. સંઘર્ષ લાંબો હોવાથી લીગલ ટીમ પણ બનાવવામાં આવશે.'

રાજકોટ બેઠક પર વિરોધ કરવા માટે ખાસ કમિટી બનાવી છે. પરશોત્તમ રૂપાલાને ૧૦૦ ટકા હરાવવામાં આવશે. ૫ લાખની લીડથી જીતની વાત ભાજપ ભૂલી જાય. ગુજરાતમાં ભાજપને બોયકોટ કરવામાં આવશે.' કરણસિંહ ચાવડાએ જણાવ્યું કે, 'આજથી રાજપૂત સમાજ ઓપરેશન ભાજપ શરૂ કરશે. ૧૨૦ સંસ્થાના આગેવાનો બેઠકમાં હાજર રહ્યા છે. કાલથી તમામ જિલ્લાઓમાં ક્ષત્રિય મહિલાઓ પ્રતિક ઉપવાસ કરશે. આવતીકાલથી રોજ એક જિલ્લામાં ક્ષત્રિય મહિલા પ્રતિક ઉપવાસ કરશે. મતદાનના દિવસ સુધી ક્રમશઃ ક્ષત્રિય મહિલાઓ પ્રતિક ઉપવાસ કરશે.

કાળા વાવટા મુદ્દે જાહેર કરાયેલા પરિપત્રનો વિરોધ કરીશું. અમદાવાદ પોલીસ કમિશ્નરના જાહેરનામાનો વિરોધ કરીએ છીએ. કેસરિયો ધ્વજ રાખી યુવાનો વિરોધ કરશે.

ભાજપના પ્રતિનિધિઓના પ્રચારનો વિરોધ કરીશું. ક્ષત્રિયો પાંચ ઝોનમાં પાંચ ધર્મરથ કાઢશે. આ ધર્મ રથના માધ્યમથી ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા લોકોને સમજાવવામાં આવશે. કચ્છમાં આશાપુરા મંદિરથી રથ નીકળશે. જિલ્લા સમિતિઓ ધર્મરથનું આયોજન કરશે. વિરોધ માટે યુવાનોની સમિતિ બનાવાશે.

ક્ષત્રિય સમાજે તમામ બેઠકો પર વિરોધ કરવાની જાહેરાત કરી છે. બોયકોટ ભાજપ અને 'મત એ જ શસ્ત્ર'નું ક્ષત્રિય સમાજે નવું સૂત્ર આપ્યું છે. બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા પર ક્ષત્રિય સમાજ વધુ આક્રમક રીતે કાર્યક્રમો આપશે. બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, સુરેન્દ્રનગરમાં પરિણામલક્ષી વિરોધની જાહેરાત કરવામાં આવી છે. લોકશાહીના ઢબે શાંતિથી વિરોધ કરાશે.

### ગુજરાતમાં વધુ એક પેપરલીકની ઘટના સામે આવી

# રાજ્યમાં વધુ એક પેપર લીક થયા હોવાનો દાવો, યુવરાજ સિંહનો આક્ષેપ

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં BCA સેમ ૪નું પેપર લીક થયું હોવાનો આક્ષેપ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ કર્યો છે

અમદાવાદ, તા.૨૦

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આજે વિવિધ કોલેજોમાં આ પેપર લેવામાં આવ્યું હતું. યુવરાજ સિંહે આરોપ લગાવ્યો હતો કે પરીક્ષાનું પેપર માત્ર એક કલાક પહેલા જ સોશિયલ મીડિયા પર વાયરલ થયું હતું. ગુજરાતમાં વધુ એક પેપરલીકની ઘટના સામે આવી છે. વાત જાણે એમ છે કે, વિધાર્થી નેતા યુવરાજસિંહે ગુજરાતમાં ફરી એકવાર પેપર ફૂટવાની ઘટના બની હોવાનો આક્ષેપ લગાવ્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં BCA સેમ ૪નું પેપર લીક થયું હોવાનો આક્ષેપ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ કર્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આજે વિવિધ કોલેજોમાં આ પેપર લેવામાં આવ્યું હતું. યુવરાજ સિંહે આરોપ લગાવ્યો હતો કે પરીક્ષાનું પેપર માત્ર એક કલાક પહેલા જ સોશિયલ મીડિયા પર વાયરલ થયું હતું.સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં યુનિક્સ/લિનક્સ સાથે ઓપરેટિંગ સિસ્ટમ કોન્સેપ્ટનું પેપર હતું જે ૧૯મીએ સવારે ૧૦.૩૦ કલાકે BCA સેમેસ્ટર-૪માં લીક થયું હતું. યુવરાજસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે સવારે ૯.૩૦ વાગ્યે પેપર સોશિયલ મીડિયા પર વાયરલ થયું હતું. ૧૮મીએ વેબ સર્ચિંગ ટેક્નોલોજી અને ઑપ્ટિમાઇઝની પરીક્ષા હતી, ૧૬મીએ C સાથે પ્રોગ્રામિંગની પરીક્ષા હતી. આ ટાઈમ ટેબલ મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વિવિધ કોલેજોમાં પરીક્ષા લેવાઈ હતી. તેના પેપર પણ લીક થયા હતા. આ સાથે યુવરાજ સિંહે પેપર લીકના પુરાવા પણ રજૂ કર્યા હતા. યુવરાજસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે અમે વોટ્સએપ પર ચાલી રહેલા લેખિત પ્રશ્નોને પેપર સાથે મેચ કર્યા છે. પ્રિન્ટેડ પેપરમાં એ જ જોડણીની ભૂલો હતી જે લખાણમાં હતી. હું એમ નથી કહેતો કે આજનું પેપર લીક થયું હતું. અગાઉના દિવસનું પેપર પણ ૯.૩૨ મિનિટે સોશિયલ મીડિયા પર વિદ્યાર્થીઓના જૂથો વચ્ચે શેર કરવામાં આવ્યું હતું. અમે આજે વિદ્યાર્થી સંગઠનોને મળ્યા, તેઓએ આ માહિતી આપી. અમે વિદ્યાર્થીઓની આ માહિતીની સંપૂર્ણ ચકાસણી કરી છે. અમારી સિસ્ટમ ફૂલપ્રૂફ છે, પ્રોફેસરનું આઈડી અને બાયોમેટ્રિક્સ લઈને પેપર ખોલવામાં આવે છે, ૯૦ મિનિટ પહેલા પેપર ખોલવાની છૂટ છે, પેપર કોણે ખોલ્યું અને અમારો રેકોર્ડ ક્યારે છે તેની તપાસ થશે, માહિતી અનુસાર ૩૫૦૦૦ વિદ્યાર્થીઓનો દાવો ખોટા, મીડિયા દ્વારા એવું બહાર આવ્યું છે કે કાગળ જાતે લખવામાં આવ્યો હતો, હકીકત બહાર આવ્યા પછી અમે ફોજદારી પગલાં લઈશું.

# રૂપાલાના મામલે આગેવાનોએ માત્ર ટાઈમ પાસ કર્યો : પદ્મિનીબા

## આંદોલન રાજકીય પક્ષોમાં ફેરવાઈ ગયું છે કેટલાક લોકોએ ક્ષત્રિય સમાજને ગુમરાહ કર્યો છે હવે એક્શન લેવાનો સમય નીકળી ગયો છે

રાજકોટ, તા.૨૦

ક્ષત્રિય સમાજના વિરોધ વચ્ચે પરશોત્તમ રૂપાલાએ ગત ૧૬ એપ્રિલના રોજ રાજકોટ બેઠક પર ફોર્મ ભર્યું હતું. ક્ષત્રિય સમાજે રૂપાલાને ૧૯ એપ્રિલ સુધીનું અલ્ટિમેટમ આપ્યું હતું, જે આજે પૂર્ણ થયું છે. ત્યારે આજે અમદાવાદના ગોતામાં ક્ષત્રિય સમાજની સંકલન સમિતિની બેઠક મળી હતી. ત્યારે આ બેઠકમાં ક્ષત્રિય મહિલા આગેવાન પદ્મિનીબા વાળા આમંત્રણ વગર પહોંચ્યા હતા. બેઠક બાદ પદ્મિનીબા વાળાએ સંકલન સમિતિ પર સવાલ ઉઠાવ્યા અને ગંભીર આરોપ લગાવ્યા છે. જેને લઈને ફરી એકવાર સંકલન સમિતિનો વિવાદ સામે આવ્યો છે. જેને લઈને આંદોલનમાં ભાગલા પડવાના એંધાણ જણાઈ રહ્યા છે. ક્ષત્રિય આંદોલન ભાજપ-કોંગ્રેસમાં ફેરવાયુ હોવાનો પદ્મિનીબા વાળાએ આક્ષેપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, 'જયચંદોના કારણે ક્ષત્રિય સમાજનું આંદોલન નબળું પડ્યું છે. આંદોલન રાજકીય પક્ષોમાં ફેરવાઈ ગયું છે. કેટલાક લોકોએ ક્ષત્રિય સમાજને ગુમરાહ કર્યો છે. હવે એક્શન લેવાનો સમય નીકળી ગયો છે. રૂપાલાને ફોર્મ શા માટે ભરવા દીધું. આગેવાનોએ માત્ર ટાઈમ પાસ કર્યો છેક્યાં ગયું તમારું પાર્ટ ટુ. આંદોલન કોઈ ફિલ્મ છે કે તેની પાર્ટ વન અને પાર્ટ ટુ હોય પાર્ટ ટુ લાવવાનો હતો તો પાર્ટ વનમાં શું કર્યું એ જાહેર કરો. રૂપાલાને ૧૬ તારીખે ફોર્મ જ નહોતું ભરવા દેવાનું. રાજકોટમાં બેઠક પર ૩૦૦ ફોર્મ ભરાવવાની જાહેરાત તૃપ્તિ બાએ કરી હતી, તો આજે તેમાંથી કેટલા ફોર્મ ભર્યા એ મને કહો ક્ષત્રિય સમાજના ભાઈઓ રાજકોટ બહેનો માટે આવ્યા હતા. સંકલન સમિતિ માટે નહોતા આવ્યા. આગેવાનોએ આખા સમાજને ગુમરાહ કર્યો. મને એકલી પાડવી હતી. હકિકતની લડાઈ પૂરી થઈ ગઈ. આંદોલન કરવાનો સમય વીતિ ગયો. હવે શું કરવું અને શું ન કરવું તે આગળ જોઈએ. હવે હું ભાઈઓને હેરાન થવા માટે નહીં બોલાવું. ભાઈઓને ઉશ્કેરીશ નહીં કારણ કે કાયદા કાનુન કડક છે.'

# રજનીકાંતથી લઈને કમલ હાસન સુધીના સ્ટારોએ કર્યું મતદાન

નવી દિલ્હી, તા.૨૦

મતદાનના પ્રથમ તબક્કામાં ઘણા સ્ટાર્સ અને મોટા નેતાઓએ પણ વિવિધ રાજ્યોની લોકસભા સીટો પર જઈને લોકશાહીના આ તહેવારમાં ભાગ લીધો હતો. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કા હેઠળ મતદાન ચાલી રહ્યું હતું. પ્રથમ તબક્કામાં, લગભગ ૧૬ કરોડ ૬૩ લાખ મતદારો ૨૧ રાજ્યોની ૧૦૨ લોકસભા બેઠકો માટે તેમના નવા સાંસદને પસંદ કરવા માટે તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સુપરસ્ટાર રજનીકાંતે શુક્રવારે ચેન્નાઈના એક મતદાન મથક પર જઈને પોતાનો મત આપ્યો હતો.

ફેમસ એક્ટર સ્વ્રપાર્ટી ચીફ કમલ હાસન પણ શુક્રવારે પોતાનો વોટ આપવા માટે ચેન્નાઈના એક પોલિંગ બૂથ પર પહોંચ્યા હતા. દક્ષિણના પ્રખ્યાત અભિનેતા વિજય સેતુપતિએ શુક્રવારે ચેન્નાઈના એક મતદાન મથક પર જઈને પોતાનો મત આપ્યો હતો. તમિલ સિનેમાના પ્રખ્યાત અભિનેતા ધનુષે પણ ચેન્નાઈના એક મતદાન મથક પર જઈને પોતાનો મત આપ્યો હતો. અભિનેતા અજિત કુમાર તેમના પરિવાર સાથે ચેન્નાઈના મતદાન કેન્દ્ર પર મતદાન કરવા પહોંચ્યા હતા. અભિનેતા શિવ કાર્તિકેયને શુક્રવારે ચેન્નાઈમાં મતદાન મથક પર જઈને પોતાનો મત આપ્યો હતો. અભિનેતા અને તમિલગા વેત્રી કઝગમના પ્રમુખ વિજયે ચેન્નાઈના નીલંકરાઈમાં મતદાન મથક પર પોતાનો મત આપ્યો.

## નાના માણસે મત આપ્યો



૨.૫ ફૂટ ઊંચા અઝીમ મન્સૂરીએ ગઈકાલે વહેલી સવારે ઉત્તરપ્રદેશના શામલીમાં પોતાનો મત આપ્યો હતો જે તસ્વીરમાં દેખાય છે.

# સુપ્રીમ કોર્ટનો સવાલ : શું મતદારો VVPAT સ્લિપ મેળવી શકે ? ચૂંટણી પંચનો જવાબ : એમાં મોટું જોખમ છે

## કોર્ટ VVPAT સિસ્ટમ દ્વારા જનરેટ કરાયેલ પેપર સ્લિપ્સ સાથે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન ઉપર પડેલા મતોની ક્રોસ-વેરિફિકેશનની માંગ કરતી અરજીઓની સુનાવણી કરી હતી



નવી દિલ્હી, તા.૨૦

સુપ્રીમ કોર્ટે ભારતના ચૂંટણી પંચને જણાવ્યું હતું કે, ચૂંટણી પ્રક્રિયામાં પવિત્રતા હોવી જરૂરી છે, આથી તમે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે અનુસરવામાં આવેલા પગલાંનું વિગતવાર વર્ણન આપો. ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને ન્યાયમૂર્તિ દીપાંકર દત્તાની ખંડપીઠે જણાવ્યું હતું કે, "આ (એક) ચૂંટણી પ્રક્રિયા છે. તેમાં પવિત્રતા હોવી જોઈએ. કોઈને આશંકા ન હોવી જોઈએ કે જે અપેક્ષા રાખવામાં આવે છે તે થઈ રહ્યું નથી." કોર્ટ VVPAT સિસ્ટમ દ્વારા જનરેટ કરાયેલ પેપર સ્લિપ સાથે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) ઉપર પડેલા મતોની ક્રોસ-વેરિફિકેશનની માંગ કરતી અરજીઓની સુનાવણી કરી રહી હતી અને વરિષ્ઠ એડવોકેટ મનિન્દર સિંઘ, ચૂંટણીપંચના વકીલ અને ચૂંટણી અધિકારીઓ પ્રશ્નોના જવાબ આપવા માટે કોર્ટમાં ઉપસ્થિત રહ્યાં હતાં. એક અરજદાર વતી હાજર રહેલા એડવોકેટ નિઝામ પાશાએ જણાવ્યું હતું કે મતદાતાએ મતદાન કર્યા પછી તેને VVPAT સ્લિપ લેવાની મંજૂરી આપવી જોઈએ અને તેને મતપેટીમાં જમા કરાવવી જોઈએ. જ્યારે જસ્ટિસ ખન્નાએ પૂછ્યું કે શું આવી પ્રક્રિયા મતદારની ગોપનીયતાને અસર નહીં કરે ? ત્યારે પાશાએ જવાબ આપ્યો હતો કે, "મતદારના અધિકારોને હરાવવા માટે મતદારની ગોપનીયતાનો ઉપયોગ કરી શકાતો નથી." ત્યારબાદ એડવોકેટ પ્રશાંત ભૂષણે કહ્યું હતું કે VVPAT મશીનની લાઈટ હંમેશા ચાલુ રહેવી જોઈએ તે હવે સાત સેકન્ડ માટે ચાલુ રહે છે. "એક સંભવિત ઉકેલ એ છે કે જો તેઓ આ તબક્કે કાચને બદલી શકતા નથી, તો કમસે કમ લાઈટ સતત ચાલુ રહેવી જોઈએ, જેથી હું સ્લિપને કાપતો અને પડતો જોઈ શકું. આમ થવાથી ગોપનીયતા ઉપર કોઈ અસર પડશે નહીં." અરજદારો તરફથી વરિષ્ઠ એડવોકેટ સંજય હેગડે પણ હાજર રહ્યા હતાં અને તેમણે જણાવ્યું હતું કે ગણતરી પ્રક્રિયામાં વધુ વિશ્વસનીયતા ઉમેરવા માટે અલગ ઓડિટ હોવું જોઈએ.

શ્રી ભૂષણે કેરળમાં મોક પોલના પરિણામોના અહેવાલને ટાંકયો હતો જ્યાં ભાજપ માટે વધારાના મત નોંધાયા હતા. કોર્ટે શ્રી સિંહને આ અંગે ખુલાસો કરવા કહ્યું હતું. બાદમાં ચૂંટણી પંચે કહ્યું કે આ રિપોર્ટ સંપૂર્ણપણે ખોટો છે. મતદાન પ્રક્રિયાના તેના ખુલાસામાં, ચૂંટણીપંચે જણાવ્યું હતું કે EVMનું નિયંત્રણ એકમ VVPAT યુનિટને તેની પેપર સ્લિપ પ્રિન્ટ કરવાનો આદેશ આપે છે. આ સ્લિપ સીલબંધ બોક્સમાં પડે તે પહેલા મતદાર તેને સાત સેકન્ડ માટે જોઈ શકાય છે. શ્રી સિંહે જણાવ્યું હતું કે, ઈજનેરોની હાજરીમાં મતદાન પહેલાં મશીનો તપાસવામાં આવે છે. જ્યારે કોર્ટે પૂછ્યું કે શું VVPAT પ્રિન્ટરમાં કોઈ સોફ્ટવેર છે, તો ચૂંટણીપંચે એ નકારાત્મક જવાબ આપ્યો હતો અને જણાવ્યું હતું કે, "દરેક PATમાં ૪ મેગાબાઈટ ફ્લેશ મેમરી હોય છે જે પ્રતીકોનો સંગ્રહ કરે છે. રિટર્નિંગ ઓફિસર ઈલેક્ટ્રોનિક બેલેટ તૈયાર કરે છે, જે સિમ્બોલ લોડિંગ યુનિટમાં લોડ થાય છે. તે સીરીયલ નંબર, ઉમેદવારનું નામ અને પ્રતીક આપશે. મશીનમાં અગાઉથી કંઈપણ લોડ કરવામાં આવતું નથી. તે છે. તે ડેટા નથી, પણ તે ઈમેજ ફોર્મેટ છે."

જ્યારે કોર્ટે પૂછ્યું કે મતદાન માટે કેટલા સિમ્બોલ લોડિંગ યુનિટ બનાવવામાં આવ્યા છે, ત્યારે ચૂંટણી સંસ્થાના એક અધિકારીએ જવાબ આપ્યો, "સામાન્ય રીતે એક મતવિસ્તારમાં એક. તે મતદાનના નિષ્કર્ષ સુધી રિટર્નિંગ ઓફિસરની કસ્ટડીમાં રહે છે." કોર્ટે પછી પૂછ્યું કે શું કોઈ ચેડાં ન થાય તેની ખાતરી કરવા માટે આ એકમને સીલ કરવામાં આવે છે ?જવાબમાં ચૂંટણી પંચે જણાવ્યું કે, આવી કોઈ પ્રક્રિયા હાલમાં નથી. ચૂંટણી પંચે કોર્ટને કહ્યું કે તમામ વોટિંગ મશીન મોક પોલ પ્રક્રિયામાંથી પસાર થાય છે. "ઉમેદવારોને રેન્ડમલી ૫ ટકા મશીનો ઉપાડવાની છૂટ છે. મતદાનના દિવસે પ્રક્રિયા પુનરાવર્તિત થાય છે. VVPAT સ્લિપ કાઢવામાં આવે છે, તેની ગણતરી કરવામાં આવે છે અને મેચ કરવામાં આવે છે. તમામ મશીનોમાં અલગ-અલગ પ્રકારની પેપર સીલ હોય છે. જ્યારે મશીન ગણતરી માટે આવે ત્યારે, સીલ નંબર ચકાસી શકાય છે." જ્યારે કોર્ટે પૂછ્યું કે મતદાર કેવી રીતે તપાસ કરી શકે છે કે તેનો મત આપવામાં આવ્યો છે, તો અધિકારીએ જવાબ આપ્યો કે મતદાન સંસ્થા આ માટે ડેમો આપે છે અને જાગૃતિ કાર્યક્રમો ચલાવે છે.

ચૂંટણી પંચે એમ પણ કહ્યું હતું કે મતવિસ્તારોને રેન્ડમ રીતે વોટિંગ મશીન ફાળવવામાં આવે છે. "કોઈ નકલી એકમ (તેમની સાથે) કનેક્ટ કરી શકાતું નથી. તેઓ માત્ર સિસ્ટર યુનિટ્સને ઓળખશે." ચૂંટણી પંચે કોર્ટને કહ્યું કે વોટિંગ મશીન ફર્મવેર ઉપર ચાલે છે અને પ્રોગ્રામ બદલી શકાતો નથી. મશીનો સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવે છે જે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં લોક કરવામાં આવે છે. ચૂંટણી પંચે કહ્યું કે એકવાર મતદાન પૂર્ણ થયા પછી મશીનોને સ્ટ્રોંગ રૂમમાં પાછા લઈ જવામાં આવે છે, જે ઉમેદવારોની હાજરીમાં સીલ કરવામાં આવે છે. મતગણતરીનાં દિવસે ઉમેદવારોની હાજરીમાં સ્ટ્રોંગરૂમ ખોલવામાં આવે છે. ત્યારબાદ કોર્ટે ચૂંટણી પંચને પૂછ્યું કે શું મતદાતા માટે મતદાન કર્યા પછી સ્લિપ મેળવવી શક્ય છે ? મતદાન સંસ્થાએ જવાબ આપ્યો કે આનાથી મતની ગુપ્તતા સાથે ચેડા થશે અને બૂથની બહાર તેનો દુરૂપયોગ થઈ શકે છે. "તેનો ઉપયોગ અન્ય લોકો દ્વારા કેવી રીતે થઈ શકે છે તે અમે કહી શકતા નથી,". જ્યારે કોર્ટે પૂછ્યું કે VVPAT પેપર સ્લિપ્સની ગણતરી કરવામાં વધુ સમય કેમ લાગે છે અને જો આ માટે મશીનોનો ઉપયોગ કરી શકાય છે, તો ચૂંટણી સંસ્થાએ કહ્યું કે પેપર પાતળા અને ચીકણા છે અને વાસ્તવમાં તે ગણતરી માટે નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે,આ વિશ્વાસનો સવાલ છે. "તમે અમને જે કહો છો અને સાર્વજનિક ડોમેનમાં શું ઉપલબ્ધ છે તે વચ્ચે કંઈક અસમાનતા હોય તેવું લાગે છે. તેને દૂર કરવાની જરૂર છે." ચૂંટણી અધિકારીએ જવાબ આપ્યો કે,"અમારી પાસે છુપાવવા માટે કંઈ નથી." કોર્ટે પૂછ્યું કે, "મતદારનો વિશ્વાસ જાળવવાનો અને સુરક્ષિત કરવાનો છે. આપણે કેવી રીતેસમગ્ર મિકેનિઝમની અખંડિતતા સુનિશ્ચિત કરીશું ?" ચૂંટણીપંચે જવાબ આપ્યો કે,"અમે FAQs અપડેટ કરીશું." ચૂંટણી પંચના વકીલે જણાવ્યું હતું કે બેલેટ પેપર વોટિંગ સિસ્ટમમાં પરત ફરવા માટે અરજદારોની વિનંતી એ "બાબા આદમ ના જમાનામાં પાછાં જવાનું સૂચન છે." કોર્ટે નોંધ્યું હતું કે મતદાન અધિકારીની ગેરવર્તણૂક માટે કેટલીક સજા થવી જોઈએ. "કોઈપણ અધિકારી આદેશનું પાલન ન કરે તે ખૂબ જ ગંભીર બાબત હશે" જ્યારે ચૂંટણી પંચના વકીલે લોક પ્રતિનિધિત્વ કાયદામાં આ માટેની જોગવાઈનો ઉલ્લેખ કર્યો, ત્યારે કોર્ટે કહ્યું, "હા, તે માટે રૂા.૫૦૦નો દંડ છે." ચૂંટણી પંચની રજૂઆતો બાદ, સુપ્રીમ કોર્ટે અરજદારોને કહ્યું, "તમારે ટેકનિકલ તત્વોને સમજવાની જરૂર નથી. મતદારે ECI દ્વારા આપવામાં આવેલા ખુલાસાથી સંતુષ્ટ થવું જોઈએ. પુરાવા અધિનિયમ પણ કહે છે કે સત્તાવાર કૃત્યો સામાન્ય રીતે માન્ય રીતે કરવામાં આવે છે." મિસ્ટર ભૂષણને, બેન્ચે કહ્યું, "હવે તમે ખૂબ આગળ વધી રહ્યા છો. દરેક વસ્તુ ઉપર શંકા કરી શકાય નહીં. કૃપા કરીને જો તેઓએ કંઈક સારૂ કર્યું હોય તો તેની પણ પ્રશંસા કરો. અમે તમને સાંભળ્યા કારણ કે અમે પણ ચિંતિત છીએ. શું તમને બધું સમજાવવું પડશે ?" જ્યારે અરજદારના વકીલે ધ્યાન દોર્યું કે ઘણા વિકસિત દેશોએ EVM વોટિંગ સિસ્ટમ છોડી દીધી છે, ત્યારે સુપ્રીમ કોર્ટે કહ્યું, "એવું ન વિચારો કે વિદેશી દેશો ભારત કરતાં વધુ અદ્યતન છે." બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો.

# લ્યો બોલો કશું કહેવું છે તમારે.... નેસ્લે બેબી ફૂડમાં ખાંડ ઉમેરીને ભારતમાં વેચે છે પરંતુ યુરોપમાં નહીં

## ભારતમાં વેચાતા તમામ સેરેલેક બેબી પ્રોડક્ટ્સમાં સરેરાશ ૩ ગ્રામ ખાંડ હોય છે




નવી દિલ્હી, તા.૨૦

વૈશ્વિક જાયન્ટ નેસ્લે દ્વારા ભારતમાં વેચાતી બેબી ફૂડની બ્રાન્ડ્સમાં ખાંડનું પ્રમાણ ઉચ્ચ સ્તરે હોય છે. જ્યારે યુનાઈટેડ કિંગડમ, જર્મની સ્વિટ્ઝર્લેન્ડ અને અન્ય વિકસિત દેશોમાં આવા ઉત્પાદનોમાં કાયદાનું પાલન કરીને ખાંડ નાખવામાં આવતી નથી. પબ્લિક આઈ, સ્વિસ સંસ્થા અને ઈન્ટરનેશનલ બેબી ફૂડ એક્શન નેટવર્ક (IBFAN) દ્વારા કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું છે અને તેમણે જાહેર કર્યું છે. અભ્યાસમાં જણાવાયું છે કે, ભારતમાં તમામ સેરેલેક બેબી પ્રોડક્ટ્સમાં સરેરાશ ૩ ગ્રામ ખાંડ હોય છે. જ્યારે ઈથોપિયા અને થાઈલેન્ડમાં વેચાતા આ પ્રોડક્ટમાં તે પ્રમાણ લગભગ ૬ ગ્રામ હોય છે. આ જ ઉત્પાદન જર્મની અને યુકેમાં ખાંડ વગર વેચવામાં આવે છે. અહેવાલમાં જણાવાયું છે કે, નેસ્લે ઘણા દેશોમાં શિશુ દૂધ અને અનાજ ઉત્પાદનોમાં ખાંડ ઉમેરે છે, જે સ્થૂળતા અને ક્રોનિક રોગોને રોકવા માટેના આંતરરાષ્ટ્રીય માર્ગદર્શિકાનું ઉલ્લંઘન છે. આ ઉલ્લંઘન ફક્ત એશિયન, આફ્રિકન અને લેટિન અમેરિકન દેશોમાં જ જોવા મળ્યું હતું. જો કે, નેસ્લે ઈન્ડિયા લિમિટેડના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'કંપનીએ છેલ્લા પાંચ વર્ષમાં તેના શિશુ અનાજના પોર્ટફોલિયોમાં ઉમેરેલી ખાંડની કુલ માત્રામાં ૩૦ ટકાનો ઘટાડો કર્યો છે અને તે વધુ ઘટાડવા માટે ઉત્પાદનોની સમીક્ષા અને સુધારણા કરવાનું ચાલુ છે. અમે પ્રારંભિક બાળપણ માટે અમારા ઉત્પાદનોની પોષક ગુણવત્તામાં માનીએ છીએ અને ઉચ્ચ ગુણવત્તાવાળા ઘટકોનો ઉપયોગ કરવાને પ્રાથમિકતા આપીએ છીએ.' બુધવારે અગ્રણી યુકે પેપર ધ ગાર્ડિયનએ અહેવાલ આપ્યો કે, સ્વિસ ફૂડ જાયન્ટ, ગરીબ દેશોમાં વેચાતા શિશુ દૂધ અને અનાજ ઉત્પાદનોમાં ખાંડ અને મધ ઉમેરે છે. તે પબ્લિક આઈ અને IBFANના ડેટાને ટાંકે છે, જેણે આ બજારોમાં વેચાતી નેસ્લે બેબી ફૂડ બ્રાન્ડ્સની તપાસ કરી હતી. પબ્લિક આઈએ આફ્રિકા, એશિયા અને લેટિન અમેરિકામાં નેસ્લેના મુખ્ય બજારોમાં બે મુખ્ય બ્રાન્ડ્સ સેરેલેક અને નોડીમાં વેચાયેલી ૧૧૫ પ્રોડક્ટ્સની તપાસ કરી હતી. ભારતમાં પબ્લિક આઈ દ્વારા તપાસવામાં આવેલ તમામ સેરેલેક બેબી સીરિયલ ઉત્પાદનોમાં દરેક પીરસવામાં સરેરાશ લગભગ ૩ ગ્રામ ખાંડનું પ્રમાણ મળ્યું હતું. અહેવાલમાં જણાવાયું છે કે, 'લગભગ તમામ સેરેલેક શિશુ અનાજની તપાસ કરવામાં આવે છે, જેમાં સરેરાશ ૪ ગ્રામ ખાંડ ઉમેરવામાં આવે છે, જે લગભગ એક સુગર ક્યુબ જેટલી હોય છે, જો કે, તે છ મહિનાની ઉંમરના બાળકો ઉપર લક્ષ્યાંકિત હોય છે. ફિલિપાઈન્સમાં ઉત્પાદનના વેચાણમાં સૌથી વધુ ૭.૩ ગ્રામ જોવા મળ્યું હતું.' WHO નિષ્ણાત નિગેલ રોલિન્સને મીડિયા અહેવાલોમાં ટાંકવામાં આવ્યું હતું કે, 'આ એક બેવડું ધોરણ છે જેને ન્યાયી ઠેરવી શકાય નહીં.'

# બાલવાટિકાના એલસીમાં વિલંબ થાય તો પણ RTEમાં પ્રવેશ આપવા સુચના

અમદાવાદ, તા.૨૦

રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન (RTE) અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટેની ફાળવણી કરવામાં આવ્યા બાદ હાલમાં વાલીઓ દ્વારા સ્કૂલમાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવામાં આવી રહ્યા છે. જો કે, આ દરમ્યાન હાલમાં બાલવાટિકામાં પરિક્ષા અને પરિણામની કામગીરી ચાલતી હોવાથી આવા બાળકોના એલ.સી.માં વિલંબ થાય તો પણ તેમને RTEમાં પ્રવેશ આપી દેવાનો રહેશે. આ ઉપરાંત બાલવાટિકામાં પ્રવેશ લીધો ન હોય તેમને પણ પ્રવેશ ફાળવવાનો રહેશે. પ્રાપ્ત માહિતી અનુસાર, RTE અંતર્ગત રાજ્યની ખાનગી સ્કૂલોમાં ધોરણ-૧માં પ્રવેશ માટે ૧૫ એપ્રિલના રોજ પ્રવેશની ફાળવણી કરવામાં આવી છે. સમગ્ર રાજ્યમાં ૪૫ હજાર કરતા વધુ RTEની બેઠકો સામે પ્રથમ રાઉન્ડમાં ૩૯૯૭૯ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. પ્રથમ રાઉન્ડના પ્રવેશ ફાળવવામાં આવ્યા બાદ વાલીઓને ૨૨ એપ્રિલ સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે સુચના આપી છે. જેથી વાલીઓ દ્વારા હાલમાં સ્કૂલમાં જઈને ડોક્યુમેન્ટની ચકાસણી કરાવી પ્રવેશ કન્ફર્મ કરાવવાની કાર્યવાહી ચાલી રહી છે. જો કે, RTEના પ્રવેશને લઈ જીલ્લાના દરેક DEO દ્વારા આચાર્યોને સુચના આપવામાં આવી છે કે, જે બાળક જે તે શાળામાં બાલવાટિકામાં હોય અને એ જ શાળામાં ધોરણ૧માં પ્રવેશ મેળવેલો હોય તો શાળાઓએ એ જ જી.આર. નંબર ઓનલાઈન પોર્ટલ ઉપર દર્શાવવાનું રહેશે. ઉપરાંત એલ.સી. આપવાની જરૂર પડશે નહી. પરંતુ RTE અન્વયે અન્ય શાળામાં પ્રવેશ મેળવેલો હોય અને કોઈ બીજી શાળામાં બાલવાટિકાનો યુડાયસ નંબર જનરેટ થયેલો હશે તો જે તે શાળામાં બાલવાટિકાનું અભ્યાસ કર્યુ હશે તે શાળાએ વિદ્યાર્થીને બાલવાટિકાનું એલ.સી આપવાનું રહેશે. વધુમા હાલ બાલવાટિકાની પરીક્ષા તેમજ પરિણામની કાર્યવાહી ચાલુ હોય વિદ્યાર્થીઓને એલસી વિના પ્રવેશ આપી દેવાનો રહેશે.

# આગામી ૨૪ કલાકમાં ગુજરાતવાસીઓને કાળઝાળ ગરમીથી મળશે આંશિક રાહત

અમદાવાદ, તા.૨૦

રાજ્યમાં માવઠાના માર બાદ છેલ્લા ત્રણ દિવસથી રાજ્યમાં ગરમીમાં જોરદાર વધારો થતાં ગુજરાતવાસીઓ પ્રચંડ ગરમીથી પરેશાન થઈ ઉઠ્યા હતા. ત્યારે હવે ગરમીમાં આંશિક રાહતના સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૨૪ કલાક બાદ રાજ્યનું મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સુધી ઘટવાની શકયતા છે. કેમ કે, હાલ ગુજરાત ઉપર આવતા પવનોની દિશા ઉત્તર તરફથી હતી, તે હવે ઉત્તર-પશ્ચિમ થઈ છે. જેને પગલે તાપમાનમાં આંશિક ઘટાડો થવાની શકયતા છે. જેને પગલે કેટલાક સ્થળોએ અંશતઃ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારમાં હીટવેવની શકયતા છે. આ ઉપરાંત છેલ્લા ૨૪ કલાક દરમ્યાન આગાહી અનુસાર પોરબંદર, જૂનાગઢ, ભાવનગર અને સુરતમાં પણ હીટવેવની અસર વર્તાઈ હતી. જ્યારે આગામી ૨૪ કલાક સુધી સૌરાષ્ટ્રના પોરબંદર અને જૂનાગઢમાં હીટવેવની શકયતાઓ છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પરિણામે અરબ સાગરથી વાદળો ગુજરાત તરફ આવે છે અને પવનની દિશા પણ ઉત્તર-પશ્ચિમ હોવાથી રાજ્યમાં કેટલાક સ્થળોએ વાદળો જોવા મળશે. જેને કારણે વાતાવરણમાં આંશિક રાહત મળવાની શકયતા છે. આગામી ૨૪ કલાક રાજ્યમાં ગરમીમાં થોડી ઘણી રાહત મળશે. રાજ્યનું મહત્તમ તાપમાન ૨થી ૩ ડિગ્રી જેટલું ઘટવાની શકયતા છે. રાજયમાં અનેક સ્થળોએ પારો ૪૦ ડિગ્રીની નજીક રહ્યો હતો. હવે જયારે આગામી દિવસોમાં ગરમીમાં આંશિક રાહત મળે તેવી શકયતા છે તો બીજી તરફ હીટવેવને લઈને લોકોને ગરમીથી બચવાના ઉપાયો હાથ ધરવા તબીબો અને જાણકારો જણાવી રહ્યા છે.

# ભારતની કુલ વસ્તી UNના રિપોર્ટ મુજબ ખુલાસો, ચીનને પાછળ છોડ્યું




નવી દિલ્હી, તા.૨૦

યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડે ભારતનો તાજેતરનો વસ્તી અહેવાલ જાહેર કર્યો, ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની ગયો ભારતમાં છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧ માં હાથ ધરવામાં આવી હતી. જોકે તે સમયે ભારત ચીન પછી બીજા નંબરનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ હતો અને દેશની વસ્તી ૧૨૧ કરોડ હતી. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) એ ભારતનો તાજેતરનો વસ્તી અહેવાલ જાહેર કર્યો છે. જે મુજબ ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની ગયો છે. વાત જાણે એમ છે કે, અહેવાલ મુજબ ભારતની વસ્તી ૧૪૪ કરોડ થઈ ગઈ છે. આમાં ૨૪ ટકા વસ્તી ૦ થી ૧૪ વર્ષથી ઓછી વયની છે. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) એ ભારતનો તાજેતરનો વસ્તી અહેવાલ જાહેર કર્યો છે. રિપોર્ટમાં એવો પણ અંદાજ લગાવવામાં આવ્યો છે કે, આવનારા ૭૭ વર્ષમાં ભારતની વસ્તી બમણી થઈ જશે. વસ્તીની સાથે રિપોર્ટમાં નવજાત બાળકોના મૃત્યુ, મહિલાઓની સ્થિતિ અને LGBTQ વગેરેનો ડેટા પણ આપવામાં આવ્યો છે. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ભારતમાં માતૃ મૃત્યુમાં મોટો ઘટાડો થયો છે. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડના રિપોર્ટ અનુસાર ભારતની ૧૪૪.૧૭ કરોડ વસ્તીમાંથી ૨૪ ટકા ૦-૧૪ વર્ષની વય જૂથમાં છે જ્યારે ૧૭ ટકા ૧૦-૧૯ વર્ષની વય જૂથમાં છે. એટલું જ નહીં ભારતમાં ૧૦-૨૪ વર્ષની વય જૂથમાં પણ ૨૬ ટકા છે જ્યારે ૧૫-૬૪ વર્ષની વય જૂથમાં સૌથી વધુ ૬૮ ટકા છે. આ ઉપરાંત ભારતની ૭ ટકા વસ્તી ૬૫ વર્ષ અને તેથી વધુ વયની છે જેમાં પુરુષોનું આયુષ્ય ૭૧ વર્ષ અને સ્ત્રીઓનું ૭૪ વર્ષ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાં માતા મૃત્યુ દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જે વિશ્વભરના આવા તમામ મૃત્યુના ૮ ટકા છે. ભારતમાં આ સફળતાનો શ્રેય જનતાને સસ્તી અને સારી આરોગ્ય સેવાઓ પૂરી પાડવા અને લિંગ ભેદભાવ ઘટાડવાના સરકારના પ્રયાસોને આપવામાં આવ્યો છે. PLOSના ગ્લોબલ પબ્લિક હેલ્થ રિપોર્ટને ટાંકીને UNFPAએ જણાવ્યું હતું કે, સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે ભારતના ૬૪૦ જિલ્લાઓમાંથી એક તૃતીયાંશ જિલ્લાઓએ માતા મૃત્યુ ઘટાડવા માટે ટકાઉ વિકાસ લક્ષ્ય હાંસલ કર્યું છે. ભારત સરકાર દ્વારા નવજાત મૃત્યુ દર ઘટાડવા અને શિશુઓ અને માતાઓને પૌષ્ટિક આહાર આપવા માટે ઘણી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. આ ઉપરાંત સારી અને સસ્તી આરોગ્ય સેવાએ પણ વસ્તી વૃદ્ધિમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

# સરકારે સીસીટીવી કેમેરા માટે નવા નિયમો ફરજિયાત કર્યા

નવી દિલ્હી, તા.૨૦

ઈલેકટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MeitY)એ સરકારી સંસ્થાઓમાં CCTV સુરક્ષા સુધારવા માટે એક મજબૂત પગલું ભર્યું છે. સંભવિત સાયબર એટેક અને ડેટા ટેમ્પરિંગ અંગે માર્ચમાં જારી કરાયેલી આંતરિક સલાહ બાદ આ આવ્યું છે. નબળી CCTV સુરક્ષા અનધિકૃત એક્સેસ તરફ દોરી શકે છે, ગોપનીયતા સાથે ચેડા કરી શકે છે અને સંભવિત રીતે હુમલાખોરોને કેમેરાનું નિયંત્રણ આપી શકે છે. હેક થયેલ સિસ્ટમ વધુ નેટવર્ક ભંગ માટે લોન્ચિંગ પોઈન્ટ પણ બની શકે છે. Insecam જેવી વેબસાઈટ નબળા પાસવર્ડના વાસ્તવિક-વિશ્વના પરિણામો દર્શાવે છે, જેનાથી વિશ્વભરમાં ચેડા થયેલા કેમેરામાંથી લાઈવ સ્ટ્રીમ્સની એક્સેસ મળે છે.

૧. એક્રિપ્શન ફરજિયાત છે : સીસીટીવી વિક્રેતાઓએ હવે ખાતરી કરવી જોઈએ કે માહિતીની સુરક્ષા માટે ડેટા ટ્રાન્સમિશન એનક્રિપ્ટ થયેલ છે.

૨. ઘૂંસપેંઠ પરીક્ષણ જરૂરી : નિયમિત ઘૂંસપેંઠ પરીક્ષણ સાયબર હુમલાઓની નબળાઈઓ માટે સીસીટીવી સિસ્ટમ્સનું મૂલ્યાંકન કરશે.

૩. વાયરલેસ સિક્યોરિટી



ફોકસ : વાયરલેસ ટ્રાન્સમિટેડ ડેટા સાથે ચેડાં અટકાવવા માટેના સુરક્ષા પગલાંની વિગતો આપતા દસ્તાવેજો વિક્રેતાઓ દ્વારા પ્રદાન કરવા આવશ્યક છે. સૂચના વાયરલેસ સંચાર માટે એન્ક્રિપ્ટેડ ચેનલોની ચકાસણી ઉપર ભાર મૂકે છે.

૪. ભૌતિક સુરક્ષાનાં પગલાં : વિક્રેતાઓએ સીસીટીવી કેમેરા માટે ચેડા-પ્રતિરોધક બિડાણ અને લોકીંગ મિકેનિઝમનો ઉપયોગ કરવો જરૂરી છે. અનધિકૃત એક્સેસને રોકવા માટે, MeitY CCTV સિસ્ટમ્સ માટે રોલ-આધારિત એક્સેસ પ્રોટોકોલ ફરજિયાત કરે છે. આ પ્રોટોકોલ્સમાં માત્ર અધિકૃત કર્મચારીઓને જ પરવાનગીઓ સોંપવામાં આવે છે, ત્યાર બાદ સતત માન્યતાની ખાતરી કરવા માટે નિયમિત સમીક્ષાઓ કરવામાં આવે છે. નવા નિયમો વિવિધ મંત્રાલયો અને વિભાગો દ્વારા સીસીટીવી સુરક્ષા અંગે ઉઠાવવામાં આવેલી ચિંતાઓને અનુસરે છે. માર્ચમાં, એક આંતરિક સલાહકારે સીસીટીવી સિસ્ટમ્સ સાથે સંકળાયેલા વધતા જોખમો ઉપર પ્રકાશ પાડ્યો હતો, જેમાં ડેટા ભંગ, ગોપનીયતા ઉલ્લંઘન અને સાયબર હુમલાનો સમાવેશ થાય છે. માર્ગદર્શિકામાં સુરક્ષા ઘટનાઓનો ઈતિહાસ ધરાવતા વિક્રેતાઓ પાસેથી પ્રાપ્તિને પણ નિરાશ કરવામાં આવી હતી. MeitY દ્વારા આ પગલું ભારતની સાયબર સુરક્ષા સ્થિતિને મજબૂત કરવા તરફ સક્રિય અભિગમ દર્શાવે છે.

# સોમનાથ મહાદેવ મંદિરેથી વડોદરાના ૭૦ વર્ષના મનયુવાને બાઈક યાત્રાનો પ્રારંભ કર્યો

## કાળઝાળ ધોમ ધખતા તાપ વચ્ચે આ ઉંમરે બાઈક યાત્રાના નિર્ણયને પોલીસ અધિકારીઓએ બિરદાવ્યો





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨૦ ભારત બાર જયોર્તિલીંગના પ્રથમ સોમનાથ મહાદેવ મંદિરેથી બરોડાના ૭૦ વર્ષના વણિક નિતીનભાઈ બુમીયાએ સોમનાથ મહાદેવ મંદિરેથી ૧૨ જયોર્તિલીંગ અને ચાર ધામની યાત્રા બાઈક જવાના મંગળ પ્રવાસને પ્રસ્થાન કરાવાયું હતું. નિતીનભાઈ કહે છે કે, આ મારી બાઈક યાત્રા ૪૫ દિવસની છે અને કુલ ૧૨૦૦૦ કિ.મી. જેવું અંતર થાય છે. દરરોજ સવારના ૬થી બપોરના ૨ વાગ્યા સુધી ૪૦૦ કિ.મી.નો મારો બાઈક પ્રવાસ રહેશે. પોતે એનઆરઆઈ તરીકે વિદેશમાં રહેલ છે અને ૧૯૮૫ના વર્ષમાં તેઓએ આખા ભારતનો બાઈક પ્રવાસ કરેલ હતો. આજે જે બાઈકથી યાત્રા કરશે તેનું નામ હાર્લી ડેવીડસન છે. અહીંથી તેઓ દ્વારકા પાસેના નાગેશ્વર અને એ રીતે બારેય જયોર્તિલીંગની યાત્રા કરી ચારધામ પુર્ણ કરશે. કાળઝાળ ગરમીમાં અને ૭૦ વર્ષની ઉંમરે સાહસિકતા અને પ્રેરણા આપતી આ યાત્રાને એલસીબી ગીર સોમનાથના પીઆઈ એ.બી. જાડેજા તથા એએસઆઈ ગોવિંદ વંશે નાળીયર, શ્રીફળ અને સાકર પડો આપી શુભેચ્છા આપી બિરદાવી હતી. યાત્રા પુર્વે સોમનાથ મહાદેવ મંદિરમાં વિશેષ પૂજા, ગંગાજળ અભિષેક કરી ભારત દેશના કલ્યાણની પ્રાર્થના કરી હતી.

# જૂનાગઢ જીલ્લાના શ્રમયોગીઓને મતદાનના દિવસે સવેતન રજા મળશે

જૂનાગઢ, તા.૨૦

આગામી તા.૭/૫/૨૦૨૪ ના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી તેમજ વિધાનસભા પેટા ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. જૂનાગઢ જિલ્લાના શ્રમયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા.૭ મેના રોજ સવેતન રજા મળશે.

મતદાનના દિવસે જૂનાગઢ જિલ્લાના શ્રમયોગીઓને સવેતન રજા કારખાના ધારા ૧૯૪૮ હેઠળના (ઔદ્યોગિક એકમો) કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓ તેમજ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ – ૧૯૯૬ અન્વયે નોંધણી થયેલ સંસ્થાર/સાઈટ પર કામ કરતા શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા મળશે.

લોક પ્રતિનિધિત્વ ધારા ૧૯૫૧ ની કલમ ૧૩૫ (બી) (૧) અન્વયે કારખાના ધારા – ૧૯૪૮ હેઠળ આ જોગવાઈ કરવામાં આવી છે. જે અનુસાર રજા જાહેર કરવાના કારણે સંબંધિત શ્રમયોગીઓ/ કર્મચારીઓના પગારમાંથી કોઈપણ કપાત કરવાની રહેશે નહીં. રજાના કારણે જો શ્રમયોગીળ/ કર્મચારી પગાર મેળવવાનો હક ન ધરાવતો હોય તેવા સંજોગોમાં જે તે વ્યક્તિ રજા જાહેર ન થઈ હોય અને જે પગાર મળવાપાત્ર હોય તેટલો પગાર ચૂકવવાનો રહેશે.

જે મતદારની ગેરહાજરીથી જોખમ ઊભું થવા સંભવ હોય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે સંકળાયેલ હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં વ્યાપક નુકસાન થવા સંભવ હોય તેવા કિસ્સામાં સતત પ્રક્રિયા વાળા કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓ/ કર્મચારીઓ તેમનો મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમિયાન ત્રણથી ચાર કલાક મતદાન માટે સવેતન રજા આપવાની રહેશે.

જો કોઈ કારખાનેદાર, માલિક, નોકરીદાતા ઉપરોક્ત જોગવાઈથી વિરૂદ્ધનું વર્તન કરશે તો આ કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. એમ જૂનાગઢ જિલ્લા નાયબ નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઈકોસેન્સેટીવ ઝોનમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક અંગે કલેકટરની કડક કામગીરી

## પ્લાસ્ટિક પેદાશોના સપ્લાય ઉપર ઈકોસેન્સેટીવ ઝોનમાં પાબંદી



જૂનાગઢ, તા.૨૦

ગિરનાર ઈકોસેન્સેટિવ ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગને ડામી દેવા માટે વહિવટી તંત્ર દ્વારા આગામી સમયમાં લેવામાં આવનાર છે. ઈકોસેન્સેટિવ ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક ધરાવતી પેદાશોનું વેચાણ ન થાય તે માટે જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાની સૂચનાથી આવી પેદાશોના મેન્યુફેક્ચર્સ અને સપ્લાયર્સ સાથે પ્રાંત અધિકારી ચરણસીંહ ગોહિલની અધ્યક્ષતામાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોલીમર્સની બનાવટોનું ઉત્પાદન કરતા વેપારી, થેલીઓ બનાવતા વેપારી, હોલસેલ સપ્લાયર્સ, અગ્રણી નમકીન કંપનીઓના પ્રતિનિધિઓ, પ્લાસ્ટિક બોટલના ઉત્પાદકો ઉપસ્થિત રહ્યા હતા. ઈકોસેન્સેટિવ ઝોનમાં પ્રતિબંધિત પેદાશો સપ્લાય ન કરવા માટે પ્લાસ્ટિક પેદાશોના સપ્લાયર્સને વહિવટી તંત્ર તરફથી અપીલ કરવામાં આવેલ હતી. તમામ ઉત્પાદકો અને સપ્લાયર્સ પણ આ બાબતે સહમત થયા હતા. આ બેઠકમાં પ્રાંત અધિકારી દ્વારા આગામી સમયમાં સપ્લાય ચેઈન ઉપર કડક કાર્યવાહી કરવા અંગે નિર્દેશો અપાયા હતા. બેઠકમાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, કોર્પોરેશન અને ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ જોડાયા હતા.

# સોમનાથ મહાદેવ મંદિર કાળઝાળ આકરી ગરમી સામે સજજ બન્યું



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૦ ભારતના વિશ્વપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર હાલ ચાલી રહેલ કાળઝાળ આકરી ગરમી અને તકકાના તપાટથી સોમનાથ મહાદેવના દર્શને આવતા યાત્રિકો અને દર્શનાર્થીઓ ગરમી, તાપથી હેરાન-પરેશાન ન થાય તે માટે સઘન પ્રયાસો સોમનાથ ટ્રસ્ટે હાથ ધર્યા છે. સોમનાથ ટ્રસ્ટના સચિવ અને જનરલ મેનેજરના માર્ગદર્શન મુજબ સમગ્ર સોમનાથ મંદિરના દર્શન પથ અને મુળ મંદિરમાં જવાના તથા બહાર નીકળવાના રસ્તા ઉપર શ્વેત કેમિકલનું લેપન કરાઈ રહયું છે. આ કેમિકલ દર્શનાર્થીઓને મુખ્ય મંદિરની આસપાસ ફરતા જયાં-જયાં આ સફેદ પટ્ટા લાગેલ હશે તેની ઉપર ચાલવાથી આકરી ગરમીમાં પણ પગ ધગતા નથી. આ ઉપરાંત સોમનાથ મહાદેવનું મંદિર એરકંમ્પ્રેસ સિસ્ટમથી જડાયેલ છે જેથી મંદિરમાં દર્શન કરતી વખતે બહાર કરતા ૭ ડીગ્રી ઓછી ગરમી રહે છે. ન માત્ર એટલું જ પગોડા એટલે કે ગરમીમાં થાક ઉતારવા મંદિર પરિસરમાં લગાવાયા છે અને ત્રણથી ચાર જગ્યાએ પીવાના પાણીની વિશેષ વ્યવસ્થાઓ કરાયેલી છે.

સોમનાથ મંદિર દેશ-વિદેશના યાત્રિકો-પ્રવાસીઓની સુવિધાઓ માટે હાલના મંદિર અતિથી ગૃહની પાસે અદ્યતન યાત્રિ સેવા અંદાજે જુન માસથી રાજય ટુરીસ્ટ વિભાગના સહયોગથી કરી રહયું છે. જેમાં અદ્યતન ટુરીસ્ટ આવાસ બુકીંગ, સેન્ટ્રલી એ.સી. બુકીંગ પ્રતિક્ષા વેઈટીંગ કક્ષ, આ ઉપરાંત ટુરીસ્ટ ગાઈડ સેન્ટર તેમજ આવાસ પ્રતિક્ષા વેઈટીંગ યાત્રિકોને સોમનાથ સંબંધીત નાની ફિલ્મ્ જોવા મળતી રહે તેવું ઓડીટોરીયમ આ બધુંય કામ ધમધોકાર ચાલી રહયું છે.

# જૂનાગઢનાં જલારામભકિતધામમાં રઘુવંશ ગૌરવ દિન રામનવમીની થયેલ ઉજવણી



જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢના ઝાંઝડા રોડ સ્થિત જલારામ મંદિરમા ભવ્યાતિ ભવ્ય રીતે રામનવમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી લઈને મોડી રાત્રિ સુધીના ભાતિગળ આયોજન સાથે કરવામાં આવી હતી. સવારના સાત વાગ્યે મંગલા આરતી અર્ચન-પુજન વગેરે થયા ત્યારબાદ ધ્વજા રોહણ અને બાદમાં ૮:૩૦થી ૧૦:૩૦ સુંદરકાંડના પાઠનું આયોજન હતું પણ મંદિરમાં અસાધારણ ભકતજનોની ભીડ જોઈને સુદરકાંડ મંડળના સભ્યો એવા તો પ્રોત્સાહિત થયા કે એકધારા બાર વાગ્યા સુધી સત્સંગ હોલને રામનામથી ગુંજતો રાખ્યો. બાર વાગ્યે રામલ્લાના દર્શન ખુલ્લા મુકાયા ત્યારે દર્શનાર્થીગણ હિલોળે ચડયો હતો.

બહેનોએ રાસની રમઝટ બોલાવીને આનંદ ઉત્સવ મનાવ્યો હતો. લગભગ ૧૫૦૦ થી ૨૦૦૦ લોકોએ શિખંડ-પુરી અને ફરાળી વાનગીઓ સાથે સમૂહ પ્રસાદનો આનંદ માણ્યો. મહિલા મંડળની બહેનો સતત એઠી ડિસો સાફ કરતી રહી, પુરી વણતી રહી, પીરસતી રહીને સાચી સેવા અને સળફતાના યશની અધિકારી બની. સાંજના દેદિપ્યમાન સંધ્યા આરતી અને મોડી રાત્રિ સુધી રામધૂન અને રામ જયઘોષથી મંદિર ગુંઝતુ રહયું હતું તેમ શ્રી જલારામ પરીવાર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી પ્રો. પી.બી. ઉન્નડકટની યાદીમાં જણાવેલ છે.

# ભારતીય રેલવે દ્વારા ઉનાળાની ઋતુ ૨૦૨૪માં રેકોર્ડ સંખ્યામાં વધારાની ટ્રેનોનું સંચાલન

## ઉનાળાની ઋતુ દરમ્યાન, મુસાફરોને સરળ અને આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે ૯૧૧૧ યાત્રાઓ સંચાલિત કરવામાં આવશે

ભાવનગર તા. ૨૦

મુસાફરોની સુવિધા સુનિશ્ચિત કરવા અને ઉનાળા દરમિયાન મુસાફરીની માંગમાં અપેક્ષિત વધારાનું સંચાલન કરવા માટે, ભારતીય રેલવે ઉનાળાની ઋતુ દરમ્યાન રેકોર્ડબ્રેક ૯૧૧૧ ટ્રિપ્સનું સંચાલન કરી રહી છે.

આ ૨૦૨૩ના ઉનાળાની સરખામણીમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે, જ્યાં કુલ ૬૩૬૯ ટ્રિપ્સ ઓફર કરવામાં આવી હતી. ત્યારે આ વખતે ૨૭૪૨ યાત્રાઓની વૃદ્ધિ થઈ છે, જે મુસાફરોની માંગને અસરકારક રીતે પૂરી કરવા માટે ભારતીય રેલવેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

મુખ્ય રેલવે માર્ગો ઉપર એકીકૃત મુસાફરી સુનિશ્ચિત કરીને, દેશભરના મુખ્ય સ્થળોને જોડવા માટે વધારાની ટ્રેનોનું સાવચેતીપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. ભારતભરમાં ફેલાયેલા તમામ ઝોનલ રેલવે દ્વારા તમિલનાડુ, મહારાષ્ટ્ર, ગુજરાત, ઓડિશા, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, ઝારખંડ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને દિલ્હી જેવા રાજ્યોમાંથી ઉનાળામાં મુસાફરીના ધસારાને પહોંચી વળવા માટે રેલવે આ વધારાની ટ્રિપ્સનું સંચાલન કરવા માટે તૈયાર છે.

વધારાની ટ્રેનોનું આયોજન અને સંચાલન એ એક સતત પ્રક્રિયા છે જેના માટે PRS સિસ્ટમમાં વેઈટલિસ્ટ પેસેન્જરોની વિગતો સિવાય મીડિયા રિપોર્ટ્સ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ, રેલવે ઈન્ટિગ્રેટેડ હેલ્પલાઈન નંબર ૧૩૯ જેવી તમામ કોમ્યુનિકેશન ચેનલો ૨૪૮૭માંથી ઈનપુટ્સ લેવામાં આવે છે. ચોક્કસ રૂટ પર ટ્રેન આ જરૂરિયાતના આધારે, ટ્રેનોની સંખ્યા અને ટ્રિપ્સની સંખ્યા વધારવામાં આવે છે. સમગ્ર સિઝન દરમ્યાન ન તો ટ્રેનોની સંખ્યા અને ન તો વધારાની ટ્રેન(ઓ) દ્વારા ચલાવવામાં આવતી યાત્રાઓની સંખ્યા સ્થિર રહે છે.

ઉનાળાની ઋતુ દરમ્યાન, ઝોનલ રેલવેને રેલવે સ્ટેશનો પર પીવાના પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. તમામ મોટા અને મહત્વપૂર્ણ રેલવે સ્ટેશનો પર ભીડ નિયંત્રણની વિસ્તૃત વ્યવસ્થા કરવામાં આવી છે. વ્યવસ્થિત રીતે ભીડને નિયંત્રિત કરવા માટે તમામ પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવા માટે વરિષ્ઠ અધિકારીઓ આ સ્ટેશનો પર કાર્યરત છે.

સામાન્ય વર્ગના કોચમાં પ્રવેશ માટે કતાર વ્યવસ્થા સુનિશ્ચિત કરવા આરપીએફના જવાનોને પ્રારંભિક સ્ટેશનો પર નિયુક્ત કરવામાં આવ્યા છે. ભીડવાળા વિસ્તારો પર નજીકથી નજર રાખવા માટે અને મુસાફરોને વાસ્તવિક સમયની મદદ મળે તે હેતુસર સીસીટીવી કંટ્રોલ રૂમમાં કુશળ RPF સ્ટાફને નિયુક્ત કરવામાં આવ્યા છે.

ભારે ભીડ દરમ્યાન નાસભાગ જેવી પરિસ્થિતિને ટાળવા માટે, ભીડને સરળતાથી નિયંત્રિત કરવા માટે ગવર્મેન્ટ રેલવે પોલીસ (GRP) અને રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ના કર્મચારીઓને ફૂટ-ઓવર બ્રિજ પર નિયુક્ત કરવામાં આવ્યા છે.


ભારતીય રેલવે તમામ મુસાફરોને અનુકૂળ અને આરામદાયક મુસાફરીનો અનુભવ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. મુસાફરો આ વધારાની ટ્રેનોમાં તેમની ટિકિટ રેલવે ટિકિટ કાઉન્ટર અથવા IRCTC વેબસાઈટ/એપ દ્વારા બુક કરાવી શકે છે.

**પશ્ચિમ રેલવે દ્વારા ચલાવવામાં આવતી સમર સ્પેશિયલ ટ્રેનોનો સંક્ષિપ્ત**

- મુંબઈથી ચાલતી ૧૪ જોડી
- સુરત/ઉધનાથી ચાલતી ૨૨ જોડી
- સુરત/ઉધનાથી પસાર થતી ૨૩ જોડી
- યુપી અને બિહાર રાજ્યોના સગવડ માટે ૪૫ જોડી
- ઉત્તર ભારતના સગવડ માટે ૧૦ જોડી
- ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, ઓખા, હાપા, વલસાડ અને રાજકોટથી ચાલતી ૩૮ જોડી
- મધ્યપ્રદેશથી ચાલતી ૦૪ જોડીનો સમાવેશ થાય છે.

| રેલવે | ઝોનલ રેલવે દ્વારા સૂચિત યાત્રાઓ |
|---|---|
| મધ્ય રેલવે | 488 |
| પૂર્વીય રેલવે | 254 |
| પૂર્વ મધ્ય રેલવે | 1003 |
| પૂર્વ કોસ્ટ રેલવે | 102 |
| ઉત્તર મધ્ય રેલવે | 142 |
| ઉત્તર પૂર્વીય રેલવે | 244 |
| ઉત્તરપૂર્વીય ફ્રન્ટિયર રેલવે | 88 |
| ઉત્તર રેલવે | 778 |
| ઉત્તર પશ્ચિમ રેલવે | 1623 |
| દક્ષિણ મધ્ય રેલવે | 1012 |
| દક્ષિણ પર્વ રેલવે | 276 |
| દક્ષિણ પૂર્વ મધ્ય રેલવે | 12 |
| દક્ષિણ પશ્ચિમ રેલવે | 810 |
| દક્ષિણ રેલવે | 239 |
| પશ્ચિમ મધ્ય રેલવે | 162 |
| પશ્ચિમ રેલવે | 1878 |
| કુલ | 9111 |

# ગિરનાર પ્લાસ્ટિક મુક્ત અને સ્વચ્છ રાખવા ઉપલા દાતારના મહંત ભીમ બાપુની અપીલ



જૂનાગઢ, તા.૨૦

ઉપલા દાતારના મહંત ભીમબાપુએ અભયારણ્ય વિસ્તાર હેઠળના ગિરનાર પર્વતને પ્લાસ્ટિક મુક્ત અને કાયમી સ્વચ્છ રાખવા માટે ગિરનાર દર્શનાર્થે પધારતા ભાવિકોને અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે, પ્લાસ્ટિકના કાગળ, બોટલ કે પ્લાસ્ટિકની અન્ય કોઈ વસ્તુઓથી ગિરનાર પર્વતને મુક્ત રાખવો ખૂબ જરૂરી છે. તેમણે ગિરનાર દર્શને આવતા ભાવિકોને પણ પ્લાસ્ટિક મુક્ત ગિરનાર રાખવા માટે અનુરોધ કરતા પ્લાસ્ટિકની વસ્તુઓ સાથે ન લાવવા માટે અપીલ કરી હતી. ઉપરાંત સ્વચ્છતા જળવાઈ રહે તે માટે જરૂરી કાળજી રાખવા પણ શ્રદ્ધાળુઓને અનુરોધ કર્યો છે. ભીમ બાપુએ ગિરનારને પ્લાસ્ટિક મુક્ત અને સ્વચ્છ રાખવા માટે જૂનાગઢ વન વિભાગના પ્રયાસોને પણ બિરદાવ્યા હતા.

# શ્રી પ્લોટ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - રાજકોટના આંગણે મુમુક્ષુ શ્રી જીમીતકુમારનો દીક્ષા મહોત્સવ


આચાર્ય ભગવંત શ્રી યશોવિજયસુરીશ્વરજી મહારાજા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૦

શ્રી પ્લોટ બ્વે. મૂ. પૂ. જૈન સંઘ, રાજકોટ પોતાની સામાજિક અને ધાર્મિક પ્રવૃતિને લઈને રાજકોટમાં જાણીતો રહયો છે આરાધના માટે સાનુકુળ વાતાવરણ પૂરું પાડવું અને સહુને સાથે લઈને ચાલવું, આ પ્લોટ સંઘનો "સકસેસ મંત્ર' છે. આ જ કારણ છે કે આ સંઘમાંથી અનેક નવયુવાનો દીક્ષાના માર્ગે પ્રયાણ કરી રહયા છે. આ સંઘના યુવાનો સક્રિય જ નથી, શ્રીસંઘની પ્રવૃતિઓમાં ભાગીદાર પણ છે. આજે આ શ્રીસંઘમાં વધુ એક દીક્ષા થવા જઈ રહી છે.

પરમ પૂજય શાશન પ્રભાવક આચાર્ય ભગવંત શ્રી અજિતયશસુરીશ્વરજી મહારાજા, રાજકોટની રંગીલી જનતાને ધર્મરંગે રંગનારા રાજકોટમાં અનેક ચાતુર્માસ કરનારા પૂજય આચાર્ય ભગવંત શ્રી યશોવિજયસુરીશ્વરજી મહારાજા, તથા પરમ પૂજય આચાર્ય ભગવંત શ્રી સંસ્કારયશ સુરીશ્વરજી મહારાજા ની પાવન નિશ્રામાં ફરી અકેવાર પ્રવ્રજયા મહોત્સવ આયોજિત થઈ રહયો છે આ વર્ષે રાજકોટના જ બે હોનહાર યુવાનો સંયમ ગ્રહી ચુકયા છે, આ જ શૃંખલામાં આગળ વધુ એક યુવાનનો સમાવેશ થઈ રહયો છે.

મુમુક્ષુ શ્રીજીમીતકુમાર જગતના તમામ ભૌતિક સાધનો, સુખસગવડો છોડી ત્યાગનો માર્ગ સ્વીકારી રહયા છે તેના પ્રતિક રૂપે તેઓની શોભાયાત્રા રાજકોટના રાજમાર્ગો ઉપર ફરશે અને તેમાં તેઓ છુટેહાથે ભૌતિક સામગ્રીનું દાન કરશે. જરૂરીયાતમંદો સુધી પહોંચાડતા તેને ઉછાળશે પણ બારીક ત્યાગધર્મનો જય જયકાર કરનારી આ ભવ્ય વર્ષીદાન યાત્રા સવારે બરાબર ૮-૩૦ કલાકે ચાલુ થઈ જશે. ત્રણ દિવસનાં હૃદયસ્પર્શી મહોત્સવનો દીક્ષાનો કાર્યક્રમ યોજાશે. જેમાં પધારવા માટે સહુ ધર્મપ્રેમી જનતાને ભાવભર્યુ આમંત્રણ શ્રી સંઘન પ્રમુખ પ્રવીણભાઈ સંઘવીની યાદીમાં જણાવાયું છે.

# દ્વારકાધીશ તથા રૂક્ષ્મણીજીના લગ્નોત્સવ ઉત્સવ દ્વારકામાં ધામધૂમથી ઉજવાયો




ભગવાનના લગ્નોત્સવ ભાવિકોએ નિહાળ્યાઃ ઠાકોરજીની લગ્ન વિધિથી વાતાવરણ ભક્તિમય અને

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૦

યાત્રાધામ દ્વારકામાં શ્રી દ્વારકાધીશ ભગવાનના મુખ્ય પટ્ટરાણી રાજરાજેશ્વરી રૂક્ષ્મણીજી માતાજીના મંદિરના પંટાગણમાં ભગવાન દ્વારકાધીશ તથા રૂક્ષ્મણીજીના લગ્નોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. દ્વારકાના અશ્વિનભાઈ પુરોહિત (ગુરુ) વગેરે બ્રાહ્મણો દ્વારા પરંપરાગત શાસ્ત્રોક્ત વિધિથી ભગવાનની લગ્નવિધિ વિધિ વિધાનથી કરવામાં આવી હતી રુક્ષ્મણી મંદિર પટાંગણમાં કુદરતી વાતાવરણમાં તીર્થ પંડિતો દ્વારા શ્લોકાચારથી કરાવાતી ભગવાનની લગ્નવિધિથી વાતાવરણ ભક્તિમય અનેદિવ્ય બની ગયુંહતું.ભગવાનના લગ્નોત્સવમાં પૂજારી અરૂણભાઈ દવે તેમજ મુખ્ય યજમાન અમદાવાદ નિવાસી નયનાબેન સતીષભાઈ ચોકસી પરિવાર તથા નિશાબેન હેમંતભાઈ ભાયાણી સહપરિવાર બિરાજ્યા હતા. ભગવાનના લગ્નોત્સવ સામેલ થવાનો લ્હાવો લેવા સ્થાનિકો તથા બહારથી પધારતા સંખ્યાબંધ ભાવિકો ઉમટયા હતા.ભગવાનની લગ્નવિધિ બાદ ગુગળી બ્રાહ્મણ ૫૦૫ ની બહમપુરી માં મહાપ્રસાદનો કાર્યક્રમ રખાયો હતો. રૂક્ષ્મણી માતાજીના મંદિરે તા.૧૯ ના સાંજના લગ્નોત્સવ દરમ્યાન સૂકામેવાના ભવ્ય મનોરથના દર્શન યોજાયા હતા.

# રૂપેણ બંદરના માથાભારે શખ્સ સામે પાસા હેઠળ કાર્યવાહી : સુરત જેલહવાલે કરાયો



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૦

દેવભૂમિ દ્વારકા જિલ્લાના રૂપેણ બંદર વિસ્તારમાં રહેતા એક માછીમાર શખ્સ સામે અગાઉ નોંધાયેલા ગુના સંદર્ભે જિલ્લા એલ.સી.બી. પોલીસે ચૂંટણીને અનુલક્ષીને કડક કામગીરી કરી, આ શખ્સ સામે પાસાનું શાસ્ત્ર ઉગામ્યું હતું.

એલ.સી.બી. સૂત્રો દ્વારા જારી કરવામાં આવેલી વિગત મુજબ દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાં રહેતા અને માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા મામદ ઈસા લુચાણી નામના ૪૦ વર્ષના શખ્સ સામે અગાઉ સ્થાનિક પોલીસ મથકમાં વિવિધ બાબતે ગુના નોંધાયા હતા. હાલ લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ જિલ્લામાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુથી સ્થાનિક ગુના શોધક શાખાને આપવામાં આવેલી સૂચના અંતર્ગત પી.આઈ. કે.કે. ગોહિલની રાહબરી હેઠળ પી.એસ.આઈ. બી.એમ દેવમુરારી દ્વારા ગુનાહિત ઈતિહાસ અંગેની માહિતી એકત્ર કરી અને ઉપરોક્ત શખ્સ સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી. આ દરખાસ્ત અહીંના જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યા સમક્ષ મુકવામાં આવતા તેમના દ્વારા મતદાનની પ્રક્રિયા શાંતિમય વાતાવરણમાં જળવાઈ રહે તે હેતુથી તકેદારીના ભાગરૂપે ત્વરિત નિર્ણય લઈ અને ઉપરોકત શખ્સના પાસા મંજુર કર્યા હતા.

ત્યાર બાદ આરોપી મામદ ઈસાભાઈ લુચાણીને પી.એસ.આઈ. આર.એસ. સુવા તેમજ બી.એમ. દેવમુરારી દ્વારા રાઉન્ડ અપ કરી, વોરંટની બજવણી કરીને સુરતની લાજપોર જેલ ખાતે મોકલી આપવાની તજવીજ કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, આકાશ બારસિયા, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, વિપુલભાઈ ડાંગર, બલભદ્રસિંહ ગોહિલ, ગોવિંદભાઈ કરમુર, પ્રદિપસિંહ જાડેજા, સચિનભાઈ નકુમ, તેમજ દ્વારકા પોલીસ મથકના પી.આઈ. તુષાર પટેલ વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# દ્વારકામાં શ્રી ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા શ્રી કોટી ગાયત્રી મહાયજ્ઞનો શુભારંભ



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨૦

દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા તેમજ યજમાનવૃત્તિ કરનારા શ્રી ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા દ્વારકામાં શ્રી દ્વારકેશ ૫૦૫ સ્કૂલ મેદાન પર શ્રી કોટી ગાયત્રી મહાયજ્ઞ નો પ્રારંભ આજથી શરૂ થયો.ગઈકાલે સવારે વિધિવિધાનથી દેહશુદ્ધિ તેમજ ગોમતી સ્નાન બાદ સાંજે દ્વારકામાં શ્રી સિધ્ધનાથ મંદિરથી યાત્રિક નિવાસ સુધી જયાત્રા સાથે ભગવતી ગાયત્રી સ્વરૂપની શોભાયાત્રા માં ખૂબ જ મોટી સંખ્યામાં જ્ઞાતિજનો અબાલ વૃદ્ધ સૌ કોઈ જોડાયા હતા.અગાઉ જ્ઞાતિના પ્રમુખ શ્રી યજ્ઞેશભાઈ ઉપાધ્યાય દ્વારા અરણી મંથન વડે પવિત્ર અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવ્યો. ૨૧ કુંડી શ્રી કોટી ગાયત્રી મહાયજ્ઞ માં ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિના ૧૪ મુખ્ય કુટુંબ ના પ્રતિનિધિ તેમજ ૫૦૦ થી પણ વધારે જાપકો દ્વારા ૫ દિવસ સુધી ૧ કરોડ ૨૫ લાખ મંત્રોનું જપ અનુષ્ઠાન તેમજ ૧૨, લાખ ૫૦ હજાર ગાયત્રી મંત્રો દ્વારા યજ્ઞ આહુતિ આપવામાં આવશે. ૨૩ એપ્રિલના રોજ યજ્ઞની પૂર્ણાહુતિ નિમિત્તે દ્વારકા શારદાપીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદજી સરસ્વતીજી મહારાજના વિશેષ આશીર્વાદ વચનો સાથે યજ્ઞ પૂર્ણ કરવામાં આવશે. તમામ વ્યવસ્થા ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ વ્યવસ્થાપક સમિતિ દ્વારા કરવામાં આવી છે સાથે કારોબારી સદસ્યો, મધ્યસ્થ સભા સદસ્યો ,સલાહકાર સમિતિ સદસ્યો,સામાજિક કાર્યકરો, મહિલા મંડળ સદસ્યો ઉપસ્થિત રહ્યા.અત્રે ઉલ્લેખનીય છે કે જ્ઞાતિના સલાહકાર સમિતિ પ્રમુખ શ્રી પ્રદીપભાઈ ઉપાધ્યાય, જ્ઞાતિના પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય, મંત્રી કપીલભાઈ વાયડા વગેરેનું વિશેષ યોગદાન રહ્યું છે.જ્ઞાતિ આચાર્ય પદે અશ્વિનભાઈ પુરોહિત (ગુરૂ), ઘનશ્યામભાઈ પુરોહિત, વત્સલભાઈ પુરોહિત તેમજ દિનેશભાઈ ત્રિવેદીનું વિશેષ યોગદાન રહ્યું છે.


# લવાજમ યોજના ૨૦૨૪-૨૫

સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર...

No. 1

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

કોઈ ભેટ નહી,
કોઈ ડ્રો નહી,
કોઈ સ્કીમ નહી...
ડાયરેક્ટ રોકડો ફાયદો

લવાજમ યોજના

ફકત એક સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક જ સસ્તુ - સારૂ અને સર્વમાન્ય અખબાર છે તો આજે જ લવાજમ ભરો અને આખુ વર્ષ નિશ્ચિંત થઈ જાવ

રૂા. ૪૦૦/-

વાર્ષિક લવાજમ ભરો અને આખું વર્ષ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક મેળવો

આખા વર્ષની કિંમત
રૂા. ૪૬૨
રૂા. ૬૨
રૂા. ૪૦૦ લવાજમ

લવાજમની મુદત : તા. ૧-૪-૨૦૨૪ થી ૩૧-૩-૨૦૨૫ સુધી

જૂનાગઢ શહેરમાં વાર્ષિક લવાજમ ભરવા માટે સંપર્ક કરો

વાર્ષિક લવાજમ ભરવાની છેલ્લી તા.૩૧-૫-૨૦૨૪ સુધી જ

: ખાસ નોંધ : એજન્ટોએ બે મહિનાની અંદર જ લવાજમનું પેમેન્ટ કરવાનું રહેશે. ત્યારબાદ માસિક બીલ પ્રમાણે હિસાબ થશે

જૂનાગઢ શહેરમાં વાર્ષિક લવાજમ ભરવા માટે સંપર્ક કરો

જૂનાગઢ શહેર એજન્ટ અલ્તાફ કલ્યાણી મો. ૯૩૨૭૩ ૫૦૪૮૬

સોલસેલીંગ એજન્ટ આરના શકિત ન્યુઝ એજન્સી મો. ૯૮૯૮૦ ૬૩૦૬૪
જૂનાગઢ શહેર જીલ્લા તેમજ અમરેલી, દેવભૂમિ દ્વારકા, જામનગર, રાજકોટ, ગીર સોમનાથ, ભાવનગર, પોરબંદર, બોટાદ, સુરેન્દ્રનગર, મોરબી, ભૂજ-કચ્છ જીલ્લાનાં સોલસેલીંગ એજન્ટ

: ખાસ નોંધ : બે મહિનાની અંદર લવાજમનું પેમેન્ટ નહી કરનાર અજન્ટની એજન્સી રદ કરી નાખવામાં આવશે

જલારામ બુક સ્ટોર
પંચહાટડી ચોક, જૂનાગઢ.
મો. ૯૯૦૯૪ ૬૨૦૪૧

નિલેશ રાજપરા
માંગરોળ
મો. ૯૮૨૪૪ ૦૫૭૫૬

નિલેશ નથવાણી
મહાલક્ષ્મી સ્ટ્રીટ, જૂનાગઢ
ફોન : ૯૩૭૬૬ ૦૫૫૬૨

સુલતાન ચૌહાણ
બિલખા
મો. ૮૦૦૦૨ ૬૪૦૫૦

નીરવ ગઢીયા
ઉના- દિવ
મો. ૯૭૩૭૪ ૫૬૦૦૦

હિતેષ જોષી
કેશોદ
મો. ૯૯૦૪૮ ૧૬૭૫૧

રાકેશ પરડવા
વેરાવળ
મો. ૯૨૨૭૬ ૨૨૨૧૦

રમેશ કારીયા
માળીયા હાટીના અને અમરાપુર
મો. ૯૭૨૪૭ ૭૪૭૫૨
મો. ૯૫૮૬૧ ૯૨૯૭૯

એન.એચ. મકવાણા
માણાવદર
મો. ૬૩૫૩૭ ૫૧૧૬૬

લવાજમ ભરા આપના ગ્રામ્ય, તાલુકા અને શહેરમાં આપના એજન્ટોનો સંપર્ક કરવો

નોંધ : આપના વિતરક / એજન્ટભાઈને જ લવાજમની રકમ આપવી અને તેની પાસેથી જ રસદ મેળવી લેવી. પેપર મોકલવાની જવાબદારી ફકત એજન્ટ રહેશે. (જેમાં પ્રેસ જવાબદાર નથી)

રાકેશ સામાણી
દેવભૂમિ દ્વારકા
મો. ૮૨૦૦૫ ૯૬૬૦૫

પ્રતાપ કોટીયા
પ્રભાસ પાટણ / વેરાવળ

નવી એજન્સી આપવાની છે : અમરેલી, વંથલી, મેંદરડા, સુત્રાપાડા, પ્રાંચી, બાંટવા, ધોરાજી, કુતિયાણા, રાણાવાવ, પોરબંદર પેટા એજન્સી આવાની છે. (ઉત્સાહી એજન્ટોએ રૂબરૂ પ્રેસ કાર્યાલયે તત્કાલ સંપર્ક કરવો.)

દિપક જાદવ
પ્રાંચી
મો. ૯૫૮૬૮ ૨૦૫૧૬

કુંજન રાડીયા
જામ-ખંભાળીયા
મો. ૯૯૧૩૭ ૦૧૭૧૧

# લોકતંત્રના ‘મહાપર્વ’માં જૂનાગઢની જનતાનો અલગ મિજાજ

## વચનોની લ્હાણી છુટા હાથે કરનારા ઉમેદવારોની ‘જીત’ બાદ કહેણી અને કરણીમાં મોટો તફાવત !

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૦

લોકતંત્રના ‘મહાપર્વ’નો ગઈકાલથી પ્રારંભ થઈ ચુકયો છે અને તબક્કાવાર મતદાન કરવામાં આવશે.

દેશ આખામાં ચૂંટણીનો રંગ પુર બહારમાં જોવા મળી રહ્યો છે ત્યારે જૂનાગઢ શહેરની જનતાનો આ વખતની ચૂંટણીમાં અલગ અને આગવો અંદાજ જોવા મળે તો નવાઈ નહી. કારણ કે આપણે ત્યાં કહેવત છે કે દુધનો દાજેલો છાશ પણ ફુંકી ફુંકીને પીવે તેમ જૂનાગઢની જનતા લોકશાહીના આ પર્વમાં ગણીત મુજબ પગલા પાડશે તેમ મનાઈ છે. જોકે જૂનાગઢ શહેરની જનતાનો પણ વાંક ન ગણાય કારણે બે દાયકા ઉપરાંતથી કોર્પોરેશનની ચૂંટણી, વિધાનસભાની ચૂંટણી કે લોકસભાની ચૂંટણી આટલા વર્ષો થયા આવતી આ ચૂંટણીમાં ખોબે ને ખોબે મત આપી જેમને વિજેતા બનાવેલા એવા ઉઘાડ પગા ઉમેદવારો આજે ગાડીઓમાં ફરવા લાગ્યા છે અને સામાન્ય માનવીને આજે સાયકલના પણ ફાફા જોવા મળે છે. એટલું જ નહી મતદારો પાસે મત રૂપી ભીખ માંગવા આવેલા એવા અનેક નેતાઓ છે કે મત માંગતી વખતે ખુબ જ ડાહી વાતો કરીને લોકોને પોતાની તરફેણમાં આકર્ષીત કર્યા છે. પરંતુ ચૂંટણીમાં વિજય થયા બાદ આ બધા જ નેતાઓ કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ જનતાની સામુ પાંચ વર્ષમાં જોયું નથી. લગભગ દરેક ક્ષેત્રમાં અને ખાસ કરીને લોકોની પ્રાથમિક જરૂરીયાત પુરી કરવામાં પણ આ નેતાલોક ખુબ જ ઉણા ઉતર્યા છે અને જનતા બરાબર ઈંટનો જવાબ પથ્થરથી આપવાના મુડમાં છે.

રાષ્ટ્રહીતની વાત કરનાર તેમજ દેશનું હીત ઈચ્છનારા કહેવાતા લોકોના આ નેતાઓ સામે લોકોમાં રોષની જવાળા જોવા મળે છે અને લોકો છડેચોક બોલી રહ્યા છે કે અમે રાષ્ટ્રહીત અને દેશનું હીત જોયું હતું. એટલે જ દેશમાં બે વખત નરેન્દ્ર મોદી સરકાર બની છે અને સતત ત્રીજી વખતની હેટ્રીક નોંધાવવા જઈ રહી છે. કુશળ નેતૃત્વની વાત અલગ જ છે પરંતુ આજે જનતાના દ્વારે મત માંગવા ઉભેલા હે ઉમેદવારો આજે હવે પુર્ણ વિચારવાનો સમય આવી ગયો છે અને તમો અમારા માટે આ શહેર માટે અને દેશ માટે શું કરી શકશો તે સવાલ અતી મહત્વનો છે આજે જૂનાગઢની જનતા અનેક સળગતા પ્રશ્નોના ઢેર ઉપર બેઠેલી છે ત્યારે આ વખતની જૂનાગઢ લોકસભાની બેઠક જીતવી એ કોઈના માટે આસાન નથી તેમ મનાઈ છે અને દરેક ઘરમાં રાજકીય તોફાની ચર્ચાઓ થઈ રહી છે.

**જય હનુમાન જ્ઞાન ગુણ સાગર, જય કપીસ તીહુ લોક ઉજાગર રામદુત અતુલીત બલધામા અંજની પુત્ર પવન સુત નામા**

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આગામી મંગળવારે હનુમાન જયંતિ પર્વની ભકિતભાવ પુર્વક ઉજવણી થશે



## ભગવાન શ્રી રામચંદ્રજીના પરમ ભકત અને અષ્ટસિધ્ધી નવનીધીના દાતા તેમજ સંકટ મોચન હનુમાનજી મહારાજના પ્રાગટય દિન નિમીતે પૂજન, અર્ચન, હનુમાન જયંતિના પાઠ, બટુક ભોજન સહિતના અનેક વિધ કાર્યક્રમો યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૦

અષ્ટસિધ્ધી નવનીધીના દાતા અને સંકટ મોચન હનુમાનજી મહારાજના પ્રાગટય દિનની જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આગામી મંગળવાર તા.૨૩-૪-૨૦૨૪ના રોજ ભવ્યાતી ભવ્ય ઉજવણી કરવામાં આવશે અને સવારથી જ અનેક વિધ કાર્યક્રમો યોજવામાં આવશે. ભગવાન શ્રી રામચંદ્રજીના પરમ ભકત હનુમાનજી મહારાજના પ્રાગટય દિનનો અવસર આગામી તા.૨૩-૪-૨૦૨૪ મંગળવારના રોજ આવતો હોય અને હનુમાન જયંતિના આ પાવનકારી પર્વની દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જૂનાગઢ શહેરમાં ટીંબાવાડી રોડ ઉપર આવેલા તાત્કાલીક હનુમાનજી મંદિરે અનેરી રોશની અને શણગાર તેમજ હનુમાન જયંતિના દિવસે પૂજન, અર્ચન, આરતી સહિતના કાર્યક્રમો યોજાશે.

આ તકે ભાવિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડશે. આ ઉપરાંત જૂનાગઢ શહેરમાં આવેલા હનુમાનજીના મંદિરોને અનેરી સજાવટ કરવામાં આવશે તેમજ હનુમાનજી મહારાજની પૂજા, અર્ચના, પ્રસાદ ધરાવવો સહિતના કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત ભવનાથ વિસ્તારમાં આવેલા સુપ્રસિધ્ધ લંબે હનુમાનજી મંદિરે પણ હનુમાન જયંતિના પર્વ પ્રસંગે સવારથી જ વિવિધ કાર્યક્રમો યોજાશે અને બપોરના મહાઆરતીના કાર્યક્રમો યોજાશે. હનુમાન જયંતિના પર્વને ભાવપુર્ણ ઉજવવા માટે તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.



# જૂનાગઢ લોકસભાની બેઠકનો ચૂંટણી સંગ્રામ : ફોર્મ ભરવાના અંતિમ દિવસે ૧૦ અપક્ષ સહિત કુલ ૨૬ ફોર્મ ભરાયા : ૨૨ એપ્રિલે ચિત્ર સ્પષ્ટ થશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ લોકસભાની બેઠક માટે ચૂંટણી જંગ જામતો જાય છે. ગઈકાલે ઉમેદવારી પત્રક ભરવાના અંતિમ દિવસે વધુ કેટલાક ફોર્મ ભરાયા હતા અને કુલ ૧૭ વ્યકિતએ દાવેદારી કરીને કુલ ૨૬ ફોર્મ ભર્યા છે. જેમાં સૌથી વધુ ૧૦ અપક્ષોએ નામાંકન પત્ર ભર્યા છે. ગઈકાલે અંતિમ દિવસે તો એકસાથે ૧૧ ફોર્મ ભરાયા છે. આવેલા ઉમેદવારી ફોર્મની આજે ચકાસણી થશે અને તા.૨૨ એપ્રિલે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બનશે. જૂનાગઢ લોકભાસની ચૂંટણી માટે મુખ્ય રાજકીય પક્ષો ભાજપ-કોંગ્રેસ સિવાય અન્ય પક્ષો પણ મેદાનમાં ઉતર્યા છે. જેમાં લોગ પાર્ટી, બહુજન સમાજવાદી પાર્ટી, રાઈટ ટુ રિકોલ, બહુજન મુકિત પાર્ટીમાંથી પણ દાવેદારી કરવામાં આવી છે. ગઈકાલે અંતિમ દિવસે ૧૧ વ્યકિતએ પોતાના નામાંકન પત્ર ભર્યા છે. આમ કુલ તા.૧૨ એપ્રિલથી ગઈકાલે તા.૧૯ એપ્રિલ સુધીમાં કુલ ૧૭ વ્યકિતએ કુલ ૨૬ ઉમેદવારી ફોર્મ ભર્યા છે. આ વખતે ચૂંટણી લડવા માટે અપક્ષો સૌથી વધુ મેદાનમાં હોય તેવું લાગી રહ્યું છે. જોકે, આવતીકાલે ફોર્મ ચકાસણી થશે જેમાં ફોર્મમાં કોઈ ક્ષતી રહી ગયેલ હશે તો તે ફોર્મ રદ થશે તે સિવાય તા.૨૨ એપ્રિલ સુધીમાં ફોર્મ પરત ખેંચી શકાશે. તે દિવસે બપોરે ૩ વાગ્યા પછી લોકસભા જૂનાગઢની ચૂંટણીનું ચિત્ર અને ઉમેદવાર ફાયનલ થશે. લોકસભા ચૂંટણી જંગમાં ભાજપના રાજેશ ચુડાસમાએ કુલ ૪ ફોર્મ ભર્યા છે. જયારે ભાજપના ડમી ઉમેદવાર તરીકે ભાવનાબેન હીરપરાએ એક ફોર્મ ભર્યું છે તેની સામે કોંગ્રેસમાંથી હીરાભાઈ જોટવાએ કુલ ૪ ફોર્મ ભર્યા છે. કોંગ્રેસના ડમી તરીકે હીરાભાઈના દીકરા અભય હીરાભાઈ જોટવાએ ત્રણ ફોર્મ ભર્યા છે.


ભાજપ કોંગ્રેસ સિવાય લોગ પાર્ટીમાંથી અલ્પેશ ચંદુલાલ ત્રાંબડીયા, બસપામાંથી માકડીયા જયંતિલાલ માલદેભાઈ, રાઈટ ટુ રિકોલ પાર્ટીમાંથી ઈશ્વરભાઈ રામભાઈ સોલંકી અને બહુજન મુકિત પાર્ટીમાંથી વાઢેર દાનસિંગ ચીનાભાઈએ ફોર્મ ભર્યું છે. જયારે અપક્ષ ઉમેદવાર તરીકે ગોરધન મગનભાઈ ગોહેલ, નારણ મગન સોલંકી, ગનીભાઈ તવની, જેસિંગ શામજી રાઠોડ, નાથા મેણશી ડાકી, સુમરા આરબ હાસમ, દેવેન્દ્ર ધનજી મોટીવારસ, હરેશ મનુભાઈ સરધારા, બોરીસાગર ભાવેશ દલપતભાઈએ પોતાની દાવેદારી નોંધાવી છે.

**માણાવદર વિધાનસભાની પેટા ચૂંટણી લડવા બે અપક્ષ સહિત ૯ ફોર્મ ભરાયા**

માણાવદર વિધાનસભા પેટા ચૂંટણી લડવા માટે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર રહેશે. કારણ કે, અહી એક બેઠક માટે ભાજપ કોંગ્રેસ સિવાય બે અપક્ષોએ દાવેદારી નોંધાવી છે અને કુલ ૯ ફોર્મ ભરાયા છે. માણાવદર પેટા ચૂંટણી લડવા માટે ભાજપના ઉમેદવાર અરવિંદ લાડાણીએ બે ફોર્મ ભર્યા છે તેના ડમી ઉમેદવાર તરીકે નારણભાઈ દેવશીભાઈ સોલંકીએ ફોર્મ ભર્યું છે. તેની સામે કોંગ્રેસમાંથી હરીભાઈ કણસાગરાએ ત્રણ ફોર્મ ભર્યા છે. તેમના ડમી તરીકે ધીરજલાલ વ્રજલાલ કુંભાણીએ એક ફોરમ ભર્યું છે જયારે અપક્ષમાંથી પરમાર મહેશ રામજીભાઈ તેમજ સોલંકી ઉમેદવાર જેન્તીભાઈએ ઉમેદવારી નોંધાવી છે.

### કાળઝાળ ગરમી વચ્ચે સવારે હવામાન બદલાયું

# જૂનાગઢ સહિત સોરઠમાં વહેલી સવારે આકાશમાં વાદળો છવાયા



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૦

આજે વહેલી સવારે આકાશમાં વાદળો છવાતા ઠંડક પ્રસરી હતી અને ગરમીની સામે લોકોને થોડી રાહત સવારના ભાગે મળી હતી. જૂનાગઢ સહિત સોરઠ અને સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતભરમાં હાલ ઉનાળાનો સખ્ત તાપ વરસી રહ્યો છે અને આકાશમાંથી અગન વર્ષા થતી હોય જન જીવન પ્રભાવિત બન્યું છે. જૂનાગઢ સહિત ગુજરાતના વિવિધ શહેરોમાં હિટવેવ જેવી સ્થિતિ સર્જાણી છે અને આ ગરમીના આક્રમણ સાથે લુ લાગવા સહિતના બનાવો પણ બની રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસ તો તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર થઈ જવાને કારણે અગન ભઠ્ઠીમાં સોરઠ પંથક સેકાઈ રહ્યો હોય તેવી સ્થિતિ સર્જાણી હતી. એક તરફ કાળઝાળ ગરમી અને તેની સામે ઠંડક મેળવવા માટેના ઉપાય તરીકે ઈલેકટ્રોનિકસ ઉપકરણોની પણ મોટે પાયે ખરીદી કરવામાં આવી રહી છે. જૂનાગઢમાં એસી તથા એરકુલરની મોટાપાયે ખરીદી થઈ રહી છે.

તો બીજી તરફ લોકો ઠંડક મેળવવા ઠંડાપીણાનો પણ સહારો લઈ રહ્યા છે. દરમ્યાન ગઈકાલે બપોર બાદ ઠંડક થતા ગરમીમાં રાહત મળી હતી અને આજે સવારે પણ જૂનાગઢમાં આકાશમાં વાદળો છવાયા હતા અને ઠંડક ભર્યું વાતાવરણ રહ્યું હતું અને ત્યારબાદ જેમ જેમ દિવસ ચડતો જતો હતો તેમ ગરમી વધતી જતી હતી પરંતુ છેલ્લા ત્રણ દિવસની સરખામણીમાં આજે થોડીક રાહત જોવા મળી છે.

# જૂનાગઢમાં સંત શીરોમણી શ્રી વેલનાથબાપુની ૧૯મી શોભાયાત્રાનું ભવ્ય આયોજન



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ શહેરમાં સમસ્ત કોળી સમાજ દ્વારા સંત શીરોમણી શ્રી વેલનાથબાપુની ૧૯મી શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. ચૈત્ર સુદ પૂનમ તા.૨૩-૪-૨૦૨૪ મંગળવાર બપોરે ૨:૩૦ કલાકે ઈન્દીરાનગર, બિલખા રોડથી આ શોભાયાત્રા પ્રસ્થાન કરશે અને શહેરના વિવિધ માર્ગો ઉપર થઈ આ શોભાયાત્રા વાજતે ગાજતે ભવનાથ ખાતે આવેલા સંત શ્રી વેલનાથ મંદિરે પહોંચશે અને ત્યાં દર્શન કરી મહંતશ્રી મંગલનાથ બાપુ તથા મંજુમાંના આર્શીવાદ સાથે સમુહ પ્રસાદ લઈ પુર્ણાહુતી કરવામાં આવશે. સંત શીરોમણી શ્રી વેલનાથબાપુની ૧૯મી શોભાયાત્રાની ભાવપુર્ણ ઉજવણી માટે તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે. દરમ્યાન જૂનાગઢ ખાતે સંત શિરોમણી શ્રી વેલનાથ બાપુની ૧૯મી શોભાયાત્રા આગામી તા. ૨૩-૪-૨૪ મંગળવારનાં રોજ યોજાનાર છે. ત્યારે આ શોભાયાત્રામાં સંતો તેમજ સમાજનાં અગ્રણીઓ અને વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે. સંતશ્રી વેલનાથ બાપુની શોભાયાત્રામાં ભકતોને સમાજનાં તમામ ભાઈઓ તથા બહેનો, વડીલો, બાળકો તથા દરેક નાના મોટા સંગઠનો, મંડળોને રાસ મંડળી, ધુન મંડળી, બેન્ડવાજા અને શણગારેલા ફલોટ સાથે તમામને સહપરીવાર તેમજ મિત્ર મંડળ સહીત શોભાયાત્રામાં પધારવા માટે સમસ્ત કોળી સમાજ દ્વારા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# મેંદરડા તાલુકાના નાગલપુર ગામે ટ્રકનાં વેંચાણમાં છેતરપિંડી કર્યાની બે સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૨૦

મેંદરડા તાલુકાના નાગલપુર ગામના ભીખાભાઈ જેઠાભાઈ ધુલ(ઉ.વ.૩૩)એ આ કામના આરોપી અનવરભાઈ રહે.ખ્વાજાનગર, જૂનાગઢ તથા ઈમ્તીયાઝભાઈ ગફારભાઈ દોઢીયા રહે.વેકરી તા.ગોંડલ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપી નં-૧ અનવરભાઈએ ફરિયાદી ભીખાભાઈને ફોન કરી પોતાના મિત્રનો ટ્રક નંબર જીજે-૦૩-બીવી-૭૦૦૭ વાળાના કાગળો તથા વિમો કલીયર ન હોવા છતાં ફરિયાદીને આરોપી નં-૨ પાસેથી ટ્રકનું વેંચાણ કરાવી તથા રોકડા રૂા.૩,૨૦,૦૦૦ ફરિયાદી પાસેથી લઈ પોતાનો ટ્રક ફરિયાદીના નામે ન કરી અને આ કામના આરોપીઓની સોલા મંડલમ ફાયનાન્સ કંપનીની લોન કલીયર ન કરી અને ફરિયાદી સાથે વિશ્વાસઘાત તથા છેતરપિંડી કર્યાની આરોપી સામે ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૪૦૬, ૪૨૦, ૧૪૪ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ મેંદરડા પોલીસ સ્ટેશનના હેડકોન્સ્ટેલ કે.કે. ડાંગર ચલાવી રહ્યા છે.

# ભેસાણ પંથકની પરિણીતાને ધમકી આપી દુષ્કર્મ આચરનાર શખ્સને ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ જીલ્લા ભેસાણ પંથકમાં એક પરિણીતા ઉપર દુષ્કર્મ આચરનાર શખ્સને પોલીસે અટકાયત કરી અને તેના વિરૂધ્ધ આગળની કાર્યવાહી હાથ ધરી છે. ભેંસાણ પંથકની એક પરિણીતા ઉપર એક શખ્સે અવાર-નવાર ધમકી આપી દુષ્કર્મ આચર્યાની ફરીયાદ થતા પોલીસે નવી ધારી ગુંદાળીના શખ્સ સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વધુ વિગત મુજબ ભેસાણ તાલુકાના એક ગામમાં રહેતી પરિણીતાને નવી ધારી ગુંદાળી ગામના ભાવેશ મનસુખ રાઠોડે છ વર્ષ દરમ્યાન અવાર-નવાર ધમકી આપી દુષ્કર્મ આચર્યુ હતું અને કોઈને વાત કરીશ તો મારી નાખવા ધમકી આપી હતી. અવાર-નવાર આ શખ્સના જાતીય અત્યાચારથી કંટાળી મહિલાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ભાવેશ મનસુખભાઈ રાઠોડ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમ્યાન ભેસાણના પીએસઆઈ એમ.એન. કાતરીયાએ તાત્કાલીક તપાસ હાથ ધરી અને આરોપી ભાવેશ રાઠોડની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં ભીક્ષા માંગવા નીકળેલા વૃધ્ધાને રીક્ષાએ હડફેટે લેતાં મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૨૦

જૂનાગઢમાં મજેવડી દરવાજા પાસેનાં વિસ્તારમાં રહેતા શાંતાબેન ઠાકરસીભાઈ સોલંકી (ઉ.વ. ૬૮) ગુરૂવારે સવારે ૧૦.૩૦ કલાકે પોતાનાં ઘરેથી નીકળી ભીક્ષાવૃતિ માટે જતા હતાં તે દરમ્યાન રોડ ક્રોસ કરતી વખતે પુરઝડપે આવેલી અજાણી રીક્ષાનાં ચાલકે તેમને હડફેટે લઈ ઠોકર લગાવતા ગંભીર ઈજા થતાં શાંતાબેનને સિવીલ હોસ્પીટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. અને સારવાર દરમ્યાન તેમનું મૃત્યું થતાં મૃતકનાં જામનગર ખાતે રહેતા પુત્ર ધીરૂભાઈ ઠાકરસીભાઈ સોલંકીએ ફરીયાદ કરતા એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માત સર્જી અને વૃધ્ધાનું મોત નિપજાવી નાશી છુટેલા રીક્ષા ડ્રાઈવરની ધરપકડ માટે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.